Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

भो भव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रयत्नमेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेयाहिताग्निनेवाग्नेस्तदुपचर्या । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्मशास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाले परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पनमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः॥ विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

પુસ્તક ૨૫ મું. જેઠ. સં.૧૯૬૫. શાકે. ૧૮૩૧. અંક ૩ જો.

## श्री ज्ञानसार सूत्र विवरण.

જૈન તત્વ જ્ઞાન–( Jain philosophy )

### मोह—अष्टक ( ४ )

જ્યાંસુધી જીવને મોહનો ઉદય પ્રબળપણે વર્તે છે અને તેથીજ વિવેકવિકળ બની વિચિત્ર પ્રકારની વિપરીત ચેષ્ટા કરવામાં આવે છે ત્યાંસુધી પૂર્વોક્તિ સ્થિરતાના અભાવે મન વચન અને કાયાની ચપળતા જેવી ને તેવી બની રહે છે. મોહાતુર જીવનું **મન** મર્કટની પેરે જ્યાં ત્યાં ભટકતુંજ રહે છે, **વચન** દારૂ પીધેલા Intoxicated ની પેરે યદ્વા તદ્વા બોલાય છે, અને **કાયા** મૂર્છિતની પેરે ઉપયોગશૂન્યપણે પ્રવર્તે છે. આવા ચપળ સ્વભાવી મોહાંધ જીવો કંઇ પણ આત્મહિત સાધી શકતા નથી અને ભાગ્યવશાત્ મળેલા માનવભવને મોહાંધપણે વ્યર્થ ગુમાવેછે. પર પુદ્ગળિક વસ્તુમાંજ રતિ પામનારા મોહાંધ જીવોને સહજ સ્વભાવિક સુખમાં અનાદર હોવાથી તેવા નિરૂપાધિક શાંત સુખથી તે બાપડા બેનશીબજ રહે છે; તેથી તે કૃત્રિમ સુખને માટે મહેનત કરે છે, અને આત્મ સાધનની ઉપેક્ષા કરી અમૂલ્ય માનવ ભવને હારી જાય છે. આવી વિપરીત ચેષ્ટા મોહની પ્રબળતાથી બનવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે છે. માટે મોક્ષાર્થી જનોએ મોહનું સ્વરૂપ સમજીને તેનો ત્યાગ કરવો જરૂરનો છે. સર્વ કર્મમાં પણ મોહનીજ પ્રધાનતા કહી છે. મોહનો ક્ષય થયે છતે સર્વ કર્મનો સ્વતઃ ક્ષય થઇ જાય છે, અને તેની વૃદ્ધિ થતાં સર્વ કર્મનું જોર વધે છે. એમ સમજી મોક્ષાર્થી ભવ્ય જનોએ મોહનોજ પરાજય કરવા સ્વપુરૂષાર્થનો સદુપયોગ કરવો જોઇએ. એ મોહ શાથી ઉદ્ભવે છે ? શાથી વૃદ્ધિ પામે છે? અને તેને નિર્મૂળ કરવાનો ઉપાય શો છે? તેનું શાસ્ત્રકાર પોતે પ્રથમ સંક્ષેપથી ભાન કરાવેછે.

अहं ममेति मंत्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ् पूर्वः, प्रतिमंत्रोऽपि मोहजित् ॥ १ ॥

**ભાવાર્થ અને વિવરણ**—' હું અને મારૂં ' એવો આ મોહનો મંત્ર સમસ્ત જગત્‌ને અંધ કરનારો છે. એટલે ' હું અને મારૂં ' એ બે શબ્દના સંકેતથી આખું જગત્ મોહને વશ થઇ જાય છે. પરંતુ નકારયુક્ત થયેલા તે બંને શબ્દોવડે બનેલો પ્રતિમંત્ર મોહનોજ ક્ષય કરનારો થાય છે. અર્થાત્ ' નહીં હું અને નહીં મારૂં ' એવી ભાવનાવાળા મહા મંત્રથી સમર્થ એવા મોહનો પણ પરાજય થઇ શકે છે. તાત્પર્ય કે મોહને જીતવા એવી સદ્ભાવનાની ખાસ જરૂર છે. તે વિના કોઇ રીતે પ્રબળ મોહનો પરાજય કરવો શક્ય નથી. ' હું અને મારૂં ' એવા મિથ્યા અભિમાનથી આત્માનોજ પરાજય થાય છે. પણ જો ભેદ જ્ઞાનથી સદ્વિવેકના યોગે એવું મિથ્યાભિમાન ગળી જાય અને વસ્તુતત્ત્વનું યથાર્થ ભાન થાય તો પછી સર્વ વ્યવહારકરણીમાં કર્તૃત્વપણાનો મિથ્યા આડંબર તજી દઇ સાક્ષીપણે માત્ર મધ્યસ્થપણુંજ અવલંબવામાં આવે. તેવું ઉદાર સાક્ષીપણું તો જ્યારે ' હું અને મારૂં ' એવી અનાદિની વિપરીત બુદ્ધિને તજી ' નહીં હું અને નહીં મારૂં ' એવી સદ્બુદ્ધિ ધારવામાં આવે ત્યારેજ બનવું શક્ય છે. ' હું અને મારૂં ' એવી વિપરીત વાસના અનાદિ અવિવેકયોગે સહગત હોવાથી મોહમૂઢ જીવોને પ્રત્યેક કાર્યમાં પ્રાયઃ એવીજ માઠી ભાવના બની રહે છે. એવી વિપરીત ભાવનાવડે આખું જગત્ અંધ બની ગયું છે, અને એમ અંધ બની જાય તેમાં કંઈ આશ્ચર્ય નથી. જ્યારે કોઇ પ્રબળ ભાગ્યવશાત્ સદ્ગુરૂનો સમાગમ પામી તેમણે આપેલો હિતોપદેશ આદરપૂર્વક સાંભળી હૃદયમાં ધારી તેનો મર્મ વિચારવામાં આવે અને તેવા સદ્વિચારયોગે સદ્વિવેક જાગવાથી પોતાની અનાદિની ભૂલ—પ્રત્યેક કાર્યમાં થતું મિથ્યાભિમાન— ' હું અને મારૂં ' એ બરાબર સમજી શોધી કાઢવામાં આવે તેમજ તેવી ગંભીર ભૂલને સુધારી પ્રત્યેક કાર્યમાં નિરભિમાનપણે ' નહીં હું અને નહીં મારૂં ' એમ શુદ્ધ બુદ્ધિથી માનવામાં—આદરવામાં આવે ત્યારેજ મોહનો પરાભવ કરવાના સાધનભૂત સર્વ શુભ સામગ્રીની સાર્થકતા માની શકાય. તે વિના તો પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલી શુભ સામગ્રી પણ કેવળ નિષ્ફળજ સમજવી. એજ વાત ઉપાધ્યાયજી મહારાજે નીચેના પદમાં પ્રદર્શિત કરી છે.

### પદ—રાગ ધનાશ્રી.

"ચેતન જ્ઞાનકી દૃષ્ટિ નિહાલો, ચેતન૦
મોહ દૃષ્ટિ દેખે સો બાઉરો, હોત મહા મતવાલો. ચેતન૦૧
મોહદૃષ્ટિ અતિ ચપલ કરત હે, ભવ વન વાનર ચાળો;
યોગ વિયોગ દાવાનળ લાગત, પાવત નહિ વિચાલો. ચેતન૦૨
મોહ દૃષ્ટિ કાયર નર ડરપે, કરે અકારન ટાળો;
રન મેદાન લરે નહિ અરિશું, સુર લરે જ્યું પાળો. ચેતન૦૩
મોહ દૃષ્ટિ જન જનકે પરવશ, દીન અનાથ દુઃખાળો;
માગે ભીખ ફરે ઘર ઘરશું, કહે મુઝને કોઉ પાળો. ચેતન૦૪
મોહદૃષ્ટિ મદ મદિરા માતી, તાકો હોત ઉછાળો;
પરઅવગુન રાચેરો અહનિશ, કાગ અશુચિ જ્યોં કાળો. ચેતન૦૫
જ્ઞાન દૃષ્ટિમાં દોષ ન એતે, કરે જ્ઞાન અજુઆલો;
ચિદાનંદ ઘનસુજસ વચનરસ, સજ્જન હૃદય પખાલો. ચેતન૦૬

જ્યાંસુધી જીવ મોહગ્રસ્ત થઇ મદમત્તની પેરે ફરેછે, ત્યાં સુધી તેની વિપરીત ચેષ્ટાયોગે ભારે ખૂવારી થાય છે. જ્યાંસુધી મોહનું જોર વિશેષ હોય છે, ત્યાં સુધી જીવને ગુણરૂચિ અથવા શુદ્ધ ધર્મરૂચિ થતી નથી. પણ ઉલટો જેમ કાગડો અશુચિ ઉપર જઇને બેસે છે, તેમ તેને અવગુણજ પ્રિય લાગે છે, પરના અવગુણજ શોધતો ફરે છે, પરના અવગુણ ગાય છે, અને પોતે અવગુણ સેવતો જાય છે. જ્યારે જીવને કવચિત્ ભાગ્યયોગે સદ્‌ગુરૂની કૃપાથી જ્ઞાનદૃષ્ટિ જાગે છે, ત્યારે તેને સ્વભાવિક રીતે સદ્‌ગુણરૂચિ, પરગુણગ્રહણ, સ્વદોષશોધન અને સ્વદોષનો ત્યાગ કરવા સહજ આત્મપ્રેરણા થાય છે, ત્યારેજ જીવની ખરી ભાગ્યરેખા જાગી સમજવી કે જ્યારે તે આત્મપ્રેરણાથીજ મિથ્યાભિમાન—અહંતા અને મમતા તજીને, નમ્રવૃત્તિ ધારી સ્વહિત સાધવા સન્મુખ થાય. 'હું અને મારૂં' એવા મોહના મહામંત્રથી સર્વ કોઇ વિડંબના પામ્યા છે. તેથી બચી જાય તેજ ખરો ભાગ્યશાળી છે. મોહથી બચવાનો ખરો ઉપાય શાસ્ત્રકાર સ્પષ્ટ રીતે બતાવે છે.

शुद्धात्मद्रव्यमेवाहं, शुद्धज्ञानं गुणो मम ।
नान्योऽहं न ममान्ये च—त्यदो मोहास्त्रमुल्बणं ॥ २ ॥

**ભાવાર્થ અને વિવરણ**—શુદ્ધ આત્મ દ્રવ્ય એજ 'હું' છું અને શુદ્ધ જ્ઞાન ગુણ એજ 'મારૂં' છે. શુદ્ધ આત્મ દ્રવ્યથી જૂદો કોઇ 'હું નથી' અને શુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન ગુણથી જૂદું કંઈ 'મારૂં નથી.' એવું યથાર્થ ભાન, એવી યથાર્થ શ્રદ્ધા, એવો યથાર્થ વિવેક એ મોહનું વિદારણ કરવા માટે તીક્ષ્ણ શસ્ત્ર છે. શુદ્ધ પદ હોવાથી 'હું' એ વસ્તુ ગતે કંઈ વસ્તુ તો હોવીજ જોઇએ, તેમજ 'મારૂં' એ એક પદવાળી 'હું' સંબંધી કંઇ પણ છતી વસ્તુ હોવી સંભવે છે. તે 'હું' અને તે 'મારૂં' શું છે, તેનો શાસ્ત્રકાર પોતેજ ખૂલાસો કરે છે. અસંખ્યાત પ્રદેશમય શુદ્ધ ચેતન દ્રવ્ય તે 'હું' છું, અને તે શુદ્ધ ચેતન દ્રવ્ય સંબંધી શુદ્ધ જ્ઞાનગુણ તે 'મારૂં' છે. તે શિવાય કંઈ પણ તત્ત્વથી 'હું' કે 'મારૂં' નથી, અને હોઈ પણ શકે નહિ. શુદ્ધ ચેતન દ્રવ્ય વિના અને શુદ્ધ જ્ઞાન ગુણ વિના બાકીનું બધું 'પર' છે, અને તે પર હોવાથીજ પોતાને કંઇ પરમાર્થથી ઉપયોગી નથી. આવા પ્રકારની જ્ઞાનદૃષ્ટિ કહો કે વિવેકદૃષ્ટિ કહો તે મોહનું મૂળ કાઢવાને પ્રબળ અસ્ત્ર સમાન છે; તેથી દરેક મોક્ષાભિલાષી ભવ્ય જનોએ મોહને નિર્મૂળ કરવાને એવી દૃષ્ટિ ધારણ કરવાની ખાસ જરૂર છે. એવી જ્ઞાનદૃષ્ટિથી આત્માને થતો અપૂર્વ લાભ તથા તેની ખામીથી થતી હાનિ શાસ્ત્રકારે પોતેજ અન્ય સ્થળે સ્પષ્ટ કરી બતાવેલ છે, તેનું મનન કરવા માટે તે પદ નીચે ટાંકી બતાવ્યું છે—

" ચેતન જો તું જ્ઞાન અભ્યાસી, ચેતન૦
આપહિ બાંધે આપહિ છોરે, નિજ મતિ શકિત બિકાસી. ચેતન૦ ૧
જો તું આપ સ્વભાવે ખેલે, આસા છોરી ઉદાસી;
સુર નર કિંનર નાયક સંપતિ, તો તુજ ઘરકી દાસી. ચેતન૦ ૨
મોહ ચોર જન ગુન ધન લૂસે, દેત આસ ગલ ફાંસી;
આશા છોર ઉદાસ રહે જો, સો ઉત્તમ સંન્યાસી. ચેતન૦ ૩
જોગ લઈ પર આસ ધરત હે, યાહી જગતમેં હાંસી;
તું જાને મેં ગુનકું સંચું, ગુન તો જાવે નાસી. ચેતન૦ ૪
પુદ્દગલકી તું આસ ધરત હે, સો તો સબહિ બિનાસી;
તું તો ભિન્ન રૂપ હે ઉનતે, ચિદાનંદ અવિનાસી. ચેતન ૫
ધન ખરચે નર બાહુત ગુમાને, કરવત લેવે કાસી;
તોભી દુઃખકો અંત ન આવે, જો આસા નહિં ઘાસી. ચેતન૦ ૬
સુખ જલ વિપમ વિષય મૃગતૃષ્ણા, હોત મૂઢમતિ પ્યાસી;
વિભ્રમ ભૂમિ ભઈ પરઆસી, તું તો સહજ વિલાસી. ચેતન૦ ૭
યાકો પિતા મોહ દુઃખ ભ્રાતા, હોત વિષયરતિ માસી;
ભવ સુત ભરતા અવિરતિ રાની, મિથ્યા મતિ એ હાંસી. ચેતન૦ ૮
આસા છોર રહે જો જોગી, સો હોવે સિવ વાસી;
ઉનકો સુજસ બખાને જ્ઞાતા, અંતર દૃષ્ટિ પ્રકાસી. ચેતન૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિથ્યાભિમાન તજી જે મોહમમતાને તિલાંજલિ દે છે, તે નમ્ર આત્મા નિર્મોહી થઇને જે સહજ સમાધિ સુખનો અનુભવ કરે છે તેનો આ પદમાં કંઇક ચિતાર આપ્યો છે. તેમજ જે મિથ્યા અભિમાનથી ' હું અને મારૂં ' કરી કરીને મરે છે એવા મોહમૂઢ પ્રાણીની જે વિડંબના થાય છે તેનો પણ આળેખ કર્યો છે. મોહ મમતાથી રહિત વિવેક આત્મા જેમ જેમ પરપુદ્ગલની આશા છોડી ઉદાસીનતા ધારે છે તેમ તેમ તેની નિઃસ્પૃહતાથી સર્વ સંપત્તિ તેને વશ થતી જાય છે. પરંતુ જે મોહવશ થઇ પરની આશા રાખે છે તેને તો પરાધીનતાથી દુઃખ માત્ર ફળ થાય છે. એમ સમજીનેજ સુસાધુજનો જગતથી ઉદાસ થઇ રહે છે.

જે જોગ–સંન્યાસને ધારી પર આશા રાખે છે તે જગતમાં ઉલટા હાંસીપાત્ર થાય છે. જેણે પોતાનું શુદ્ધ સ્વરૂપ પિછાન્યું છે, જેને આત્માનો સહજ અનુભવ થયોછે અને જેને આત્મામાંજ રતિ લાગી છે એવા સહજાનંદી પુરૂષ તો પારકી આશા કરતાજ નથી. મોહાતુર જીવ ગમે તેવી કઠિન કરણી કરે તો પણ તેનો મોક્ષ થાય નહિં અને મોહ રહિત–નિર્મોહીનું સહજમાં કલ્યાણ થાય છે. મોહવિકળ જીવની જગતમાં વિવિધ વિડંબના થાય છે, તેને મૃગતૃષ્ણા સમ બાહ્ય સુખ સાચાં ભાસે છે પરંતુ તે પરિણામે ભારે અશાંતિ અનુભવે છે. વિવેકદૃષ્ટિ જીવ સ્વાધીનપણે સુખશીલતાને તજી બહારથી ક્રિયાકષ્ટને સહે છે, પરંતુ અંતરમાં ઉત્તમ શાંતિનોજ અનુભવ કરેછે. મોહાંધ જીવો ગમે તેવા કષ્ટને સહીને પર વસ્તુનો સંચય કરી તેમાં મમતા બાંધી, અંતે તેને અહીંજ રહેવા દઇ પ્રાણ ત્યાગ કરીને દુરંત સંસારચક્રમાં ફર્યા કરે છે. ત્યારે વિવેકદૃષ્ટિ જનો જેમ બને તેમ પરપ્રવૃત્તિ તજી તેથી ન્યારા રહી, ગમે તેવાં દુઃખને સ્વાધીનપણે સહન કરી, નિવૃત્તિને સેવી, સંસારનો અંત કરી અવિચળ સુખને માટેજ યત્ન કરે છે. મોહજાળને તજી શુદ્ધ નિષ્ઠાથી આત્મસાધન કરનારનેજ અંતે અક્ષય અવિચળ સુખ મળે છે. મોહ તજ્યા વિના સંયમ ક્રિયા પણ કલેશરૂપજ થાય છે, અને મોહ તજી વીતરાગ દશા ભજ્યાથી સંયમ માત્ર સુખદાયી થાય છે, એમ સમજીને સદ્ભાગ્યયોગે પ્રાપ્ત થયેલી સર્વ શુભ સામગ્રીને સફળ કરવા, સદ્ગુરૂની આદર પૂર્વક સેવાભક્તિ કરી, સદુપદેશ સાંભળી, આદરી, મિથ્યાભિમાન તજી અહંતા મમતાને નિવારી, સ્વહિત સાધવા સાવધાન થવું ઘટેછે. હવે જે ભવ્ય પ્રાણી સંસારની મોહનીથીજ ન્યારો રહેવા ધારેછે તે ન્યારો પણ રહી શકે છે એમ શાસ્ત્રકાર બતાવે છે—

यो न मुह्यति लग्नेषु, भावेष्वौदयिकादिषु ।
आकाशमिव पंकेन, नासौ पापेन लिप्यते ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—વિવિધ કર્માનુભાવથી વિચિત્ર પ્રકારના સંયોગો મળે છતે જે અંતરદૃષ્ટિ તેમાં મુંઝાતા નથી તે જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ પાપપંકથી લેપાતાજ નથી.

**વિવરણ**—નાના પ્રકારના શુભાશુભ કર્મના પ્રભાવે જીવને જૂદા જૂદા અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગો સ્વભાવિક રીતેજ મળે છે. તેમાં જે વિવેકદૃષ્ટિથી નહિં મુંઝાતા તટસ્થ થઇ રહેછે, તેમાં મિથ્યાભિમાનથી મુંઝાઇ જઇ અહુંતા મમતા ધારતા નથી, હર્ષ શોકને તજી સમભાવે રહેછે, અને કર્તૃત્વપણું તજીને કેવળ સાક્ષીત્વપણુંજ સેવે છે તેવા સમભાવી જનોને તેવે પ્રસંગે કંઇ પણ હાનિ થતી નથી. જેમ આકાશને કંઇ પણ લેપ લાગતો નથી, તેમ નિર્મોહી જીવને કંઇ પણ કર્મનો લેપ લાગતો નથી. નિર્મોહી આત્મા તો નિર્મળ જ્ઞાનદૃષ્ટિથી આ સંસારને એક નાટક જેવું જુએ છે, વિવિધ કર્મવશવર્તી જીવોને નાનાવિધ કાર્ય કરવાને જૂદાં જૂદાં પાત્ર સમજે છે, મોહરાયને તેનો સૂત્રધાર લેખે છે, અને પોતે એક મધ્યસ્થ પ્રેક્ષક તરીકે સર્વ નાટકરચનાને સમભાવથી જોતાં છતાં તેમાં લગારે મુંઝાતા નથી. દુનિયાની ગમે તેવી મોહક વસ્તુમાં તેને મોહ થતો નથી, દુનિયાની અસારતા યાને ક્ષણભંગુરતાને તે સારી રીતે જાણીને તેથી ઉદાસીનતા ધારેછે, તેથી દુનિયાની મોહમાયામાં તે લગારે ફસાતા નથી, પણ તે મોહમાયાને પોતે વિવેકદૃષ્ટિથી સમૂળગી દૂર કરવાને શક્તિમાન થાય છે. અમૂઢદૃષ્ટિ એવા તે મહાશયની આ મોહમાયામાં કેવી ઉદાસીનતા બની રહે છે, તેનું શાસ્ત્રકારેજ અન્યત્ર ચિત્ર આપેલું છે, તે સર્વ કોઇ આત્મ હિતૈષીઓને અવલોકવા યોગ્ય છે.

## પદ—રાગ બિહાગ.

માયા કારમીરે, માયા મ કરો ચતુર સુજાણ. એ ટેક૦
માયા વાહ્યો જગત વલુધો, દુઃખિયો થાય અજાન,
જે નર માયાએ મોહી રહ્યો તેને, સ્વપ્ને નહિ સુખ ઠામ;
માયા કારમીરે, માયા૦ ૧
ન્હાના મોટા નરને માયા, નારીને અધિકેરી;
વલી વિશેષે અધિકી માયા, ગરઢાને જાજેરી. માયા૦ ૨
માયા કામણ માયા મોહન, માયા જગ ધુતારી;
માયાથી મન સહુનું ચલિયું, લોભીને બહુ પ્યારી. માયા૦ ૩
માયા કારન દેશ દેશાંતર, અટવી વનમાં જાય;
જહાજ બેસીને દ્વીપ દ્વીપાંતર, જઇ સાયર ઝંપલાય. માયા૦ ૪
માયા મેલી કરી બહુ ભેલી, લોભે લક્ષણ જાય;
ભયથી ધન ધરતીમાં ગાડે, ઉપર વિસહર થાય. માયા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોગી જતિ તપસી સંન્યાસી, નગ્ન થઇ પરવરિયા;
ઉંધે મસ્તક અગ્નિ તાપે, માયાથી ન ઉગરિયા. માયા૦ ૬
શિવભૂતિ સરિખો સત્યવાદી, સત્ય ઘોષ કહેવાય;
રત્ન દેખી તેનું મન ચલીયું, મરીને દુર્ગતિ જાય. માયા૦ ૭
લબ્ધિદત્ત માયાયેં નડિયો, પડિયો સમુદ્ર મોઝાર;
મુંબ માખનિયો થઇને મરિયો, પોતો નરક મોઝાર. માયા૦ ૮
મન વચન કાયાએ માયા, મૂકી વનમાં જાય;
ધન ધન તે મુનીશ્વર રાયા, દેવ ગાંધર્વ ગુણ ગાય. માયા૦ ૯

મોહમાયાથી ભલા ભલા પુરૂષો પણ ભૂલીને ગોથાં ખાઇ જાય છે. તે આખી જગતને નચાવે છે, તેવી માયાથી જે પોતાનો બચાવ કરી શકે છે તેને ધન્ય છે, અને તેજ મુક્તિનો અધિકારી છે. શ્રીમદ્ વિનયવિજયજી મહારાજે પણ કહ્યું છે કે–

પદ—રાગ આશાવરી.

માયા મહા ઠગણી મેં જાની, માયા૦ ટેક.
ત્રિગુન ફાંસા લેઇ કર દોરત, બોલત અમૃત બાની. માયા૦ ૧
કેસવ ઘર કમલા હોઇ બેઠી, સંભુ ઘર ભવાની;
બ્રહ્મા ઘર સાવિત્રી હોઇ બેઠી, ઇંદ્ર ઘરે ઇંદ્રાણી. માયા૦ ૨
પંડિતકું પોથી હોઇ બેઠી, તીરથીયાકું પાની;
યોગી ઘર ભભૂત હોઇ બેઠી, રાજાકે ઘર રાની. માયા૦ ૩
કિને માયા હીરા કર લીની, કિને ગ્રહી કોરી જાની;
કહત વિનય સુનો અબ લોકો, ઉનકે હાથ બિકાની. માયા૦ ૪

જેમ કોઇ મુગ્ધ જીવો રૂપાના ભ્રમથી છીપલી લેવાને દોડે છે તેમ મૂઢ જનો કલ્પિત સુખની ભ્રાંતિથી મોહમાયામાં ફસાઇ જાય છે. દુનિયામાં દશ્યમાન થતી મોહક વસ્તુઓને જ્ઞાની વિવેકી પુરૂષો ‘ માયા ’ રૂપ એટલા માટેજ માને છે કે તે મુગ્ધ જીવોને ભ્રમમાં નાંખી દુઃખના ભાગી કરે છે. મોહમાયાથી કોઇનું કદાપિ કંઈ પણ કલ્યાણ થયું નથી. તેનો ત્યાગ કરવાથીજ સહુ કોઈનું કલ્યાણ થઇ શકે છે. માટે દુનિયાની મોહમાયાથી આત્મ રક્ષણ કરવા સદાકાળ સાવધાન રહેવું જોઇએ. વિવેકદષ્ટિને તો સંસારમાં રહ્યા છતાં પણ દુઃખ નથી એમ શાસ્ત્રકાર સ્પષ્ટ કરી બતાવે છે.

पश्यन्नेव परद्रव्य–नाटकं प्रतिपाटकं ।
भवचक्रपुरस्थोपि, नामूढः परिखिद्यते ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—એકેંદ્રિયાદિક હરેક સ્થળમાં પરદ્રવ્ય સંબંધી નાટકને તટસ્થપણે જોતો સંસાર અવસ્થામાં રહ્યો છતો પણ જ્ઞાની–અમૂઢદ્રષ્ટિ બિલકુલ ખેદને પામતોજ નથી. હરેક પ્રસંગે તે સમભાવમાંજ વર્તે છે.

**વિવરણ**—જેના ઘટમાં વિવેક પ્રગટ્યો છે અને તેથી જેને સ્વપરનું સારી રીતે ભાન થયું છે એવો તત્વદ્રષ્ટિ મહાશય કદાચ કર્મવશાત્ સંસારમાંજ રહ્યો હોય અને તેથી તેને દુનિયામાં વિધ વિધ નાટક જોવાનું સહેજેજ બનતું હોય તોપણ તે તેમાં લગારે મુંઝાતો નથી. હરેક પ્રસંગે તે કર્મનું સામ્રાજ્ય જગત્ ઉપર છવાઈ ગયેલું સાક્ષાત્ અનુભવે છે. સર્વ પ્રકારનાં કલ્પિત સુખદુઃખનાં સાધન જીવને શુભાશુભ કર્મના પ્રભાવેજ પ્રાપ્ત થાય છે એમ તે સારી રીતે સમજે છે, તેથી તેમાં કંઇ હર્ષ કે ખેદ નહીં કરતાં સમભાવે રહી શકે છે. જેમ પ્રબળ પવનના યોગે જલધિનાં જળ ઉંચે ચઢેછે અને પવન પડતાંજ તે જળ પાછાં જેવાંને તેવાંજ સ્થિર થઇ જાય છે તેમ શુભાશુભ કર્મની પ્રબલતાથી જીવને કલ્પિત સુખદુઃખનાં સાધન અધિકાધિક ઉપરાઉપર મળે છે, અને તે કર્મ ક્ષીણ થયે છતે ઉક્ત સાધન આપોઆપ અદ્રશ્ય થઇ જાય છે, એવું જેને સહજ ભાન થયું છે એવો શુભાશય જ્ઞાની કર્મના યોગે પ્રાપ્ત થયેલા શુભાશુભ પદાર્થમાં કેમ મુંઝાય? જેણે કર્મનું સ્વરૂપ બારીકીથી જાણ્યું છે તેને તેવા કોઈ પણ અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગમાં વિવેકદ્રષ્ટિથી વર્તતાં મુંઝાવાનું કશું કારણ નથી. જેમ મદિરાપાનથી મત્ત થયેલ માનવી જ્યાં ત્યાં ભટકતો ગોથાં ખાતો વિવિધ પ્રકારની ચેષ્ટા કરે છે, તેમ મોહમાયામાં મુંઝાયેલ પ્રાણી આ સંસારચક્રમાં અરહા પરહા અથડાઈને ભારે વ્યથા અનુભવે છે. જ્ઞાની પુરૂષો આ સંસારને એક મોટા વિશાળ નગરની ઉપમા આપે છે. દેવ ગતિ, મનુષ્ય ગતિ, તિર્યંચ ગતિ, અને નરક ગતિરૂપ તેના ચાર ચહુટાં છે, એકેંદ્રિયાદિ રૂપ પાડા છે, અને ૮૪ લક્ષ જીવાજોનિ રૂપ જૂદાં જૂદાં સ્થાન છે; તેમાં ભિન્નભિન્ન જીવો નાટકીયા (પાત્ર) છે, અને મોહ સૂત્રધાર છે, મોહ તેમને જેમ નચાવે છે તેમ તે બાપડા નાચે છે.૮૪ લક્ષ જીવાયોનિમાં વારંવાર જન્મ લેવારૂપ નવા નવા વેષ ધારણ કરીને તેઓ બાલ્ય તરૂણ અને વૃદ્ધ અવસ્થાને અથવા જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ એવી અનેક પ્રકારની અવસ્થાને સૂત્રધારનો આજ્ઞા મુજબ ભજવી દેખાડે છે. આવા વિચિત્ર નાટકને તટસ્થપણે જોનારા તત્વદ્રષ્ટિ એવા જ્ઞાની પુરૂષોજ છે. તેઓ સારીરીતે અનુભવ પૂર્વક જાણે છે કે સર્વ સંસારી જીવોને સૂત્રધારની આજ્ઞા મુજબ નાચવુંજ પડે છે, તેથી તે બાપડા અનાથ જીવોની પુનઃપુનઃ જન્મ ધારણ કરવારૂપ દુર્દશા બને છે. ક્ષણમાં હસે છે તો ક્ષણમાં રૂએ છે, ક્ષણમાં રતિ તો ક્ષણમાં અરતિ, ક્ષણમાં હર્ષ તો ક્ષણમાં ખેદ, એવી વિચિત્ર સ્થિતિ તેમને પરવશપણે અનુભવવી પડે છે. આવી વિષમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિ મોહમૂઢ માનવીઓને તો શું પણ મોહવશવર્તી દેવતાદિકને પણ અનુભવવીજ પડે છે. આવી દોરંગી દુનિયામાં ફક્ત તત્ત્વદ્રષ્ટિ જીવોજ સુખી છે. ગમે તેવા સમ વિષમ સંયોગોમાં સમભાવે વર્તવાથી તેમને દુઃખનું કારણ રહેતું નથી. જે મૂઢ પ્રાણી સાંસારિક માયામાં મુંઝાઈ જઈ તેમાં ' અહંતા અને મમતા ' માની બેસે છે તેમનેજ દુઃખનો અવકાશ રહે છે. જે તત્ત્વજ્ઞાની તેવા મિથ્યાભિમાનથી મુક્ત થયા છે તેઓ તો સદા સુખીજ છે. સંસારવ્યવહારમાં રહ્યા છતાં પણ તેઓ તેમાં લેપાતાજ નથી. જીવ જ્યારે મોહવશ થઇ પરવસ્તુમાં ' અહંતા અને મમતા' માને છે ત્યારેજ તેને તેના સંયોગે રાગ રતિ કે હર્ષ થાય છે, અને તેનોજ વિયોગ થતાં દ્વેષ અરતિ કે ખેદ થાય છે; પણ જે મહાશય પ્રથમથીજ વિવેકવડે પરવસ્તુમાં મિથ્યા ' અહંતા અને મમતા ' માનતાજ નથી તે શુભાશયને સમતા પરિણામથી રાગ દ્વેષ, રતિ અરતિ કે હર્ષ ખેદનો પ્રસંગજ નહીં હોવાથી દુઃખ કયાંથી હોય ?

અપૂર્ણ.

# श्रीपाळराजाना रास उपरथी नीकळतो सार.

[ અનુસંધાન પુ. ૨૪ માના પૃષ્ઠ ૨૫૬ થી. ]

અજિતસેન મુનિ દેશના આપે છે અને શ્રીપાળરાજા પ્રમુખ સાંભળે છે– " અહો ભવ્ય પ્રાણીઓ ! તમે જિનરાજની વાણી સાંભળો અને ચિત્તને વિષે ધારણ કરો. ચિત્તમાં ધારણ કરીને મોહને તજી દો. મોહથી મુંઝાઓ નહીં. કારણકે મોહને તજ્યા સિવાય સુખ પ્રાપ્ત થવાનું નથી. જે જે પ્રાણીઓ મોહમાં મુંઝાય છે તેમણે ભવમાં ભ્રમણજ કર્યું છે. જ્યારે તેમની મોહદશા મંદ પડી છે ત્યારેજ તેઓ ઉંચા આવ્યા છે.

આ સંસારમાં દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યભવ પ્રાણી અનંતી પુણ્યની રાશી એકઠી થાય છે ત્યારેજ પામે છે. તેવો મનુષ્યભવ પામ્યા છતાં પણ જ્યાં ધર્મનું નામ પણ શ્રવણગત થતું નથી એવા અનાર્ય દેશમાં ઉત્પન્ન થાય તો મનુષ્યજન્મ નિરર્થક જાય છે એટલુંજ નહીં પણ ઉલટો વધારે પાપકર્મમાં પ્રવૃત્ત થઈ આખી જીંદગી સંસારમાં આસક્તપણે નિર્ગમન કરી પાછો તિર્યંચ નરકાદિ અધોગતિમાં ઉતરી જાય છે. ત્યાંથી પાછા ઉંચા આવવું મુશ્કેલ થઇ પડે છે. તેથી પૂર્વનાં વિશેષ સુકૃતનો યોગ હોય છે તો આર્ય દેશમાં ઉત્પન્ન થાય છે. આર્ય દેશમાં મનુષ્યજન્મ પામ્યા છતાં પણ ઉત્તમ કુળની પ્રાપ્તિ થવી દુર્લભ છે. જો પારધી, માછી, મ્લેચ્છ વિગેરે હિંસક કુળમાં ઉત્પન્ન થાય તો મનુષ્યજન્મ ને આર્ય ક્ષેત્રની પ્રાપ્તિ નિષ્ફળ થાય છે અને હિંસાદિ પાપકર્મ કરી અધોગતિમાં ચાલ્યો જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્ય ક્ષેત્ર ને ઉત્તમ કુળમાં મનુષ્યપણું પામ્યા છતાં પણ જો રૂપવંતપણું, આરોગ્યતા અને દીર્ઘ આયુષ્ય ન પામે તો પૂર્વની આર્ય ક્ષેત્રાદિ પ્રાપ્તિ નિષ્ફળ થાય છે. અહીં રૂપવંતપણું ચામડીની ઉજ્વળતાને સમજવાનું નથી, પણ પાંચ ઇંદ્રિયો સંપૂર્ણ હોય તે સમજવાનું છે. જો પાંચ ઇંદ્રિયો પુરેપુરી ન હોય, આંખે, કાને, નાકે કે જીવ્હાએ દોષિત હોય અર્થાત્ આંધળો, કાણો, બહેરો કે મુંગો હોય તો પ્રાણી ધર્મ પામી શકતો નથી. તેમજ શરીરે આરોગ્ય ન હોય—વ્યાધિગ્રસ્ત રહેતો હોય તો તે પણ ધર્મનું આરાધન કરી શકતો નથી. તેમજ જો આયુષ્ય અલ્પ હોય, નાની વયમાંજ મૃત્યુ પામી જાય તો આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, પાંચ પુરી ઇંદ્રિયો ને આરોગ્યતા કાંઇ કામ આવતાં નથી. માત્ર મનુષ્યનામ ધરાવીને ચાલ્યો જાય છે અને સંસારમાં પરિભ્રમણ કરે છે.

આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, આરોગ્યતા, દીર્ઘાયુ વિગેરે પામ્યા છતાં પણ સદ્ગુરૂનો સંયોગ પામવો દુર્લભ છે. કારણકે યુગલિઆના ક્ષેત્રમાં તો સદ્ગુરૂની જોગવાઇ હોતીજ નથી. કર્મભૂમિમાં પણ આર્યદેશમાં સર્વત્ર[1] સદ્ગુરૂની જોગવાઇ પ્રાપ્ત થતી નથી. પૂર્વનાં શુભ કર્મનો યોગ હોય છે તોજ સદ્ગુરૂની જોગવાઇ પ્રાપ્ત થાય છે. મોટા પુણ્યના સંયોગથી કદિ સદ્ગુરૂની જોગવાઇ મળે છે તોપણ તેનો લાભ લેવામાં તેર કાઠીઆઓ અંતરાય કર્યાજ કરે છે, સંપૂર્ણપણે લાભ લેવા દેતા નથી.

કદિ તેર કાઠીઆને દૂર કરીને ગુરૂ મહારાજ પાસે જાય, ગુરૂના દર્શન પામે તોપણ ધૂર્ત્તે વ્યુદ્ગ્રાહિત ચિત્તવાળાની જેમ મિથ્યાત્વવાસિત ચિત્ત હોવાથી તેમની સેવાભક્તિ કરી શકતો નથી. કદિ પુણ્યસંયોગે ગુરૂની સેવા પામે, પાસે બેસે તોપણ ધર્મશ્રવણ કરવું દુર્લભ છે. કારણ કે નિદ્રા વિગેરે પ્રમાદો બાધક ઉત્પન્ન કરી ધર્મ સાંભળવા દેતા નથી. કદિ પુણ્યસંયોગે ધર્મ સાંભળે તોપણ તેના પર શ્રદ્ધા આવવી દુર્લભ છે. કારણ કે તત્ત્વબુદ્ધિજ સામાન્ય જીવોને પ્રાપ્ત થતી નથી. અનેક પ્રાણીઓ દેશના સાંભળી શૃંગારાદિ કથાના રસમાં મગ્ન થાય છે અને પોતાના ગુણને ઉલટા ખોઇ નાખેછે. કદિ તત્ત્વબુદ્ધિ થાય તોપણ શ્રદ્ધા (સદ્દહણા) આવવી દુર્લભ છે. ઘણા પ્રાણીઓ તો પોતાની મતિને આગળ કરીને સાંભળેલી દેશનામાં શ્રદ્ધા ન કરતાં ચિત્તને ડામાડોળ રાખ્યા કરે છે.

જ્યાં પોતાની બુદ્ધિને આગળ કરવાપણું હોય છે ત્યાં તત્ત્વ પામી શકાતુંજ નથી.તે તો મૂર્ખની જેમ પ્રાપ્ત અપ્રાપ્ત જેવા મૂર્ખાઇ ભરેલા વિચારોજ કર્યા કરે છે. જેઓ આગમ પ્રમાણ ને અનુમાન પ્રમાણથી શુભ ધ્યાનવડે તત્ત્વગવેષણા કરે છે તેઓજ

૧ આ હિંદુસ્તાન જેવા નાના દેશમાં પણ બધે સ્થાનકે મુનિરાજનો વિહાર હોતો નથી. દક્ષિણ, પંજાબ, બંગાળા ને મધ્યપ્રાંત વિગેરેમાં ક્વચિતજ મુનિસમાગમ પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વને નિઃસંદેહપણે પામી શકે છે. તત્ત્વબોધ પણ બે પ્રકારનો છે. સંવેદન તત્ત્વબોધ અને સ્પર્શ તત્ત્વબોધ. સંવેદન તત્ત્વબોધ વંધ્ય છે અને સ્પર્શ તત્ત્વબોધ કાર્યની પ્રાપ્તિ કરાવનાર હોવાથી સફળ છે. માટે સંવેદન તત્ત્વબોધ તજવો અને સ્પર્શ તત્ત્વબોધ આદરવો.

તત્ત્વ તો દશ પ્રકારના ક્ષાંત્યાદિ યતિધર્મરૂપ છે તે આ પ્રમાણે—ધર્મનું મૂળ દયા છે, તેથી તે **ક્ષમા** ગુણથી અવિરૂદ્ધપણે વર્ત્તે છે ૧. સર્વ ગુણ વિનયથીજ પ્રાપ્ત થાય છે અને વિનયગુણ માર્દવને આધીન છે. જેના મનમાં **માર્દવ** ગુણ વસેલો હોય છે તેને સર્વ ગુણની સંપત્તિ સહેજે પ્રાપ્ત થાયછે ૨. **આર્યવ**—સરલતા શિવાય જે ધર્મ આરાધે તે અશુદ્ધજ હોય છે; અને અશુદ્ધ ધર્મના આરાધનથી મોક્ષપ્રાપ્તિ થતી નથી, તેથી દરેક પ્રાણીએ ઋજુભાવી થવાની જરૂર છે ૩. ચોથા **શૌચ** ધર્મની પણ તેટલીજ આવશ્યકતા છે. તેમાં ભાત પાણી ઉપગરણાદિકની શુચિ તે દ્રવ્ય શૌચ અને કષાયાદિકરહિત શુદ્ધ પરિણતિ તે ભાવશૌચ. જેમ જેમ ભાવશૌચ વૃદ્ધિ પામે તેમ તેમ મોક્ષપ્રાપ્તિ નજીક નજીક થતી જાય છે, માટે તેની પણ સંપૂર્ણ આવશ્યકતા છે. પાંચમા **સંયમ** ધર્મના પાંચ આશ્રવથી વિરમવું, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયને તજવા અને ત્રણ દંડનો ત્યાગ કરવો, એ સત્તર પ્રકાર છે. તે સત્તરનો ત્યાગ થાય ત્યારેજ આત્મા સંયમ ધર્મમાં સ્થિર થઈ શકે છે, માટે સંયમ ધર્મનું આરાધન કરવા ઇચ્છનારે તેથી વિરમવું. છઠ્ઠા **મુકત** ધર્મમાં બંધુવર્ગ, ધન, ઇંદ્રિયજન્ય સુખ, સાત પ્રકારનાં ભય, અનેક પ્રકારના વિગ્રહ (વિષવાદાદિ), અહંકાર અને મમકારાદિનો ત્યાગ કરવો. જ્યાંસુધી પુદ્‌ગલિક વસ્તુમાં મારાપણાની બુદ્ધિ છે ત્યાંસુધી મુકત ધર્મ ( નિર્લોભતાધર્મ ) પ્રગટ થતો નથી. સાતમા **સત્ય** ધર્મમાં અવિસંવાદ યોગમાં પ્રવૃત્તિ કરવી અને મન વચન કાયા ત્રણેમાં નિર્માયીપણું ( નિષ્કપટપણું ) રાખવું એની મુખ્યતા છે. શાસ્ત્રમાં નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ ચાર પ્રકારનાં સત્ય કહ્યાં છે. તે હકીકત જૈન દર્શનમાંજ કહેલી છે. અન્ય દર્શનમાં સત્યનું પૂર્ણ સ્વરૂપ પ્રતિપાદન કરેલું નથી, માટે તેવા ઉત્કૃષ્ટ સત્યધર્મમાં પ્રવૃત્તિ કરવી. આઠમા **તપ** ધર્મના બાહ્ય અભ્યંતર છ છ ભેદ મળી બાર ભેદ છે. તેમાં યથાશક્તિ અવશ્ય પ્રવૃત્તિ કરવી. કારણકે પૂર્વે બાંધેલાં નિકાચિત કર્મોનો ક્ષય કરવાનું પ્રબળ સાધન તપ ધર્મજ છે. આત્માની સંગાતે લાગેલાં ચીકણાં કર્મોને પણ તે તપાવી છુટાં કરી નાંખે છે નવમા **બ્રહ્મચર્ય** ધર્મના ૧૮ ભેદ છે. દિવ્ય તે વૈક્રિય અને ઔદારિક તે મનુષ્ય સંબંધી કામભોગમાં કૃત, કારિત ને અનુમતિ, ત્રણે યોગવડે વર્જવી; એમ કરવાથી તેના ૧૮ ભેદ થાયછે. એ અઢારે ભેદવડે બ્રહ્મચર્ય પાળનાર—અબ્રહ્મને વર્જનાર પ્રાણીના સર્વ પ્રકારના ખેદ નાશ પામે છે. છેલ્લા એટલે દશમા **અકિંચન** ધર્મમાં મૂર્છાનેજ શાસ્ત્રકારે પરિગ્રહ કહેલ હોવાથી સર્વ પદાર્થો ઉપરથી મૂર્છાનો ત્યાગ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ પણ પદાર્થ પાસે છતાં જો તેનાપર મૂર્છા નથી તો તે પરિગ્રહ નથી, અને કોઈ પણ પદાર્થ પાસે ન હોય છતાં જો અનેક વસ્તુઓ ઉપર મૂર્છા હોય—વાંચ્છા હોય તો તે પરિગ્રહજ છે.

આ પ્રમાણે દશ પ્રકારના યતિધર્મમાં પ્રવૃત્તિ કરવી તેજ મોક્ષપ્રાપ્તિના પરમ સાધનભૂત છે.

આ દશ પ્રકારમાં પ્રથમ **ક્ષમાધર્મ** કહ્યો છે. તે ક્ષમાના પાંચ ભેદ છે. ઉપચાર ક્ષમા, વિચાર ક્ષમા, વિપાક ક્ષમા, વચન ક્ષમા ને ધર્મક્ષમા. લોકોને દેખવા માત્રજ ક્ષમા આદરવી તે ઉપચાર ક્ષમા, ક્ષમાના ભેદ પર્યાયાદિ જાણવા તે વિચાર ક્ષમા, સામો માણસ જોરાવર હોવાથી ચાલ્યે ક્ષમા ધારણ કરવી તે વિપાકક્ષમા, કોઇને આકરાં વચનો કહીને દુહવે નહિ, અને પોતે કોઇનાં આકરાં વચનોથી દુહવાય નહિ તે વચન ક્ષમા, અને આત્માનો ધર્મજ ક્ષમા છે, એમ સમજી સંપૂર્ણપણે ક્ષમાધર્મને આરાધે અને તેરમા ચૌદમા ગુણઠાણાની વાંચ્છા કરે, તે ધર્મક્ષમા; આમાં પહેલી ત્રણ ક્ષમા લૌકિક સુખની દેવાવાળી છે, અને પાછલી બે ક્ષમા લોકોત્તર સુખની આપવાવાળી છે.

અનુષ્ઠાન ચાર પ્રકારનાં છે. પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન, વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાન. અનુષ્ઠાન શબ્દે આવશ્યકાદિ ક્રિયા સમજવી. તેમાં પ્રતિક્રમણ, કાયોત્સર્ગ ને પ્રત્યાખ્યાન એ ત્રણ આવશ્યક પ્રીતિ અનુષ્ઠાનરૂપ જાણવાં, અને સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ તથા વાંદણાં એ ત્રણ આવશ્યક ભક્તિ અનુષ્ઠાનરૂપ જાણવાં; આગમ અનુસારે પ્રવર્ત્તન કરવું તે વચન અનુષ્ઠાન અને જે સહેજે થાય તે અસંગ અનુષ્ઠાન જાણવું. ઉપર જણાવેલી પાંચ પ્રકારની ક્ષમા પૈકી પહેલી ત્રણ ક્ષમા પ્રથમનાં બે અનુષ્ઠાનરૂપ જાણવી, અને પાછલી બે ક્ષમા પાછલા બે અનુષ્ઠાનરૂપ જાણવી. પાછલાં બે અનુષ્ઠાન વિશેષ શ્રેષ્ઠ જાણવાં. સ્ત્રીજાતિપણે એક છતાં અને બંને વહાલ છતાં સ્ત્રી ઉપર જે રાગ તે પ્રીતિરાગ છે, અને માતા ઉપર જે રાગ તે ભક્તિરાગ છે; તેમ પ્રતિક્રમણ, કાઉસગ્ગ ને પચ્ચખ્ખાણ એત્રણ આવશ્યકનું વારંવાર સેવન કરવાથી ગુણની વૃદ્ધિ થાય છે, તેથી તેને પ્રીતિ અનુષ્ઠાનરૂપ જાણવાં, અને સામાયિક તે ચારિત્ર ધર્મરૂપ અને ચઉવીસથ્થો ને વાંદણા તે દેવગુરૂની સેવારૂપ હોવાથી તે ત્રણ આવશ્યક ભક્તિ અનુષ્ઠાનરૂપ સમજવાં. આગમમાં કહ્યા પ્રમાણે જ્ઞાનક્રિયાદિકને બરાબર સમજીને તદનુસાર જે પ્રવૃત્તિ કરવી તે વચનાનુષ્ઠાન જાણવું અને દંડવડે ચક્ર ભમાડ્યા પછી દંડ વિના પણ જેમ ચક્ર ફર્યા કરે તેમ પ્રથમ ઘણો કાળ સેવન કરેલ હોવાથી જે અનુષ્ઠાન સહેજે પણ પરિશુદ્ધ થાય તે અસંગ અનુષ્ઠાન જાણવું.

વળી યતિ તેમજ શ્રાવકવડે કરાતી ક્રિયાના પણ પાંચ ભેદ છે. વિષક્રિયા, ગરલક્રિયા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુષ્ઠાન ( અન્યોન્ય ) ક્રિયા , તદ્ધેતુક્રિયા ને અમૃતક્રિયા. તેમાં પ્રથમની ત્રણ ક્રિયા ત્યાગ કરવા યોગ્ય છે અને પાછળની બે ક્રિયા આદરવા યોગ્ય છે; કારણકે તે મુક્તિને પમાડનારીછે. જે ક્રિયા લોકોને દેખાડવા માત્રજ કરવામાં આવે અને જે આ ભવ સંબંધી સુખની તેમજ અશન પાન વસ્ત્ર પાત્રાદિકની ઇચ્છાવડે કરવામાં આવે તે વિષક્રિયા જાણવી. વિષ ખાવાથી જેમ તત્કાળ મરણ પમાડે તેમ આ ક્રિયાનું ફળ તરતમાંજ મળે, પરભવમાં કાંઇ પણ ન મળે એમ સમજવું. આ કપટક્રિયા જાણવી. બીજી ગરલ ક્રિયા તે આગામી ભવમાં દેવત્વ, ઇંદ્ર, વિદ્યાધર, ચક્રવર્ત્યાદિકના સુખની ઇચ્છાથી તેમજ ધન ધાન્ય સ્ત્રીપુત્રાદિક આગામી ભવે પ્રાપ્ત થવાની ઇચ્છાથી ચારિત્રાદિ પાળવામાં આવે તે સમજવી. જેમ હડકાયો વાયુ ત્રણ વર્ષ સુધી જાગે તેમ આ ક્રિયા બે ત્રણ જન્મે સાંસારિક ફળ આપે, પણ ચારિત્રધર્મનું ફળ પ્રાપ્ત થાય નહીં. અનુષ્ઠાન ક્રિયા તે બીજાને ક્રિયા કરતો દેખીને વિધિ વિવેક વિના માત્ર સંમૂર્છમની જેમ ઉઠે બેસે, ચાલે હાલે પણ તેની મતલબ કશી સમજે નહીં અને માત્ર ખાવા પીવાની લાલચવડેજ કરવામાં આવે તે જાણવી. તેમાં શાસ્ત્રોક્ત વિધિ કે ગુરૂ આદિકનો વિનય કરવા રૂપ વિવેક બીલકુલ હોય નહિ. તદ્ધેતુક્રિયા તે જેણે પુરેપુરા વૈરાગ્યથી ભદ્રક પરિણામવડે ગુરૂની દેશના સાંભળીને સંસારના સર્વ ભાવ અનિત્ય જાણી સંસારી વર્ગથી વિરક્ત થઇ ચારિત્ર લીધું હોય તે શુદ્ધ રાગે, વધતે મનોરથે ક્રિયા કરે પણ માત્ર તેમાં વિધિ શુદ્ધ ન હોય તે જાણવી. આ ક્રિયા કરતાં વિધિ શુદ્ધ થઇ જાય તેથી તે ઉત્તમ જાણવી અને જે શુદ્ધ વિધિએ આત્માના શુદ્ધ અધ્યવસાય પૂર્વક કરવામાં આવે તે અમૃત ક્રિયા જાણવી. આ ક્રિયાના કરનાર પ્રાણી વિરલ દેખાય છે, પરંતુ ચિંતામણિ રત્ન સમાન એ ક્રિયા આવ્યા વિના સંસારથી નિસ્તાર થવાનો નથી, માટે નિરંતર અમૃતક્રિયાનો ખપ કરવો અને તેનીજ ઇચ્છા કરવી.

હે ભવ્ય જીવો ! આ પ્રાણીએ પૂર્વે અનંતી વખત દ્રવ્યલિંગ ધારણ કર્યા છે અને ક્રિયાઓ કરી છે, પણ તે શુદ્ધ ક્રિયા ન હોવાથી તેનું ફળ પામ્યો નથી. શુદ્ધ ક્રિયા તો જીવ જ્યારે સમકિત પામે અને અર્ધ પુદ્ગલ પરાવર્તન સંસાર રહે ત્યારેજ પામી શકાય છે, તે સિવાય પામી શકાતી નથી.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ–આ નવપદ ખરેખરા મુક્તિના ઉપાય છે, અર્થાત્ એ નવપદનું આરાધન કરવાથી પ્રાણી મુક્તિસુખને પામી શકેછે. એ નવપદનું ધ્યાન કરવાથી આત્મ સ્વરૂપ પ્રગટ થાય છે, અને આત્મ દર્શન જેને થયું તેનો સંસાર મર્યાદામાં આવી જાય છે, તેનું અપરિમિતપણું મટી જાય છે, એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવી રીતે દર્શન શબ્દે સમ્યકત્વની મુખ્યતા છે તેવીજ જ્ઞાનની પણ મુખ્યતા છે. જ્ઞાની અર્ધક્ષણમાં જેટલાં કર્મોનો ક્ષય કરે તેટલાં કર્મોનો અજ્ઞાની ક્રોડોવર્ષ તીવ્ર તપસ્યા કરવાવડે પણ ક્ષય કરી શકતો નથી. જ્ઞાની થોડી તપસ્યાથી પણ કાર્ય સિદ્ધ કરી શકે છે. એક પ્રાણી જ્ઞાનની વૃદ્ધિ કરે અને એક તપનાં વૃદ્ધિ કરે તો તે બેમાં જ્ઞાની વહેલો મુક્તિ પામે એમ સમજવું.

જેવી રીતે સમકિત ને જ્ઞાનની મોક્ષપ્રાપ્તિમાં મુખ્યતા છે તેવીજ રીતે આત્મજ્ઞાનવડે શુદ્ધ ચારિત્ર જે આત્મરમણતારૂપ છે તેની પણ મુખ્યતા છે. જે પ્રાણી આત્મજ્ઞાનમાં મગ્ન હોય છે તે પુદ્ગળના ખેલને ઇંદ્રજાળ જેવા જાણે છે. તેનો કોઇ પણ પ્રકારે તેની સાથે મનમેળ થતો નથી. આત્મજ્ઞાની સંસારમા આસક્ત હોય એ વાત બનેજ નહીં. કેમકે તે તો પુદ્ગળનો સડણ પડણ વિધ્વંસણ ધર્મ સમજે છે, તેથી તેમાં લુબ્ધ થતોજ નથી. તે જાણે છે કે આ પુદ્ગળોમાં લંપટ થવાથીજ હું અનંતકાળથી સંસારમાં રખડું છું, માટે હવે તેમાં આસક્ત થવું મને ઘટતું નથી. જેમ અજ્ઞાનીજ ઇંદ્રિજાળને સત્ય માને છે, જ્ઞાની માનતો નથી; તેમ અજ્ઞાનીજ પુદ્ગલિક વસ્તુમાં આસક્ત થાય છે, ખરો જ્ઞાની આસક્ત થતો નથી. જેણે આત્માને જ્ઞાનીનાં વચનોથી જાણ્યો અને ક્ષીરનીરની જેમ તદ્રૂપપણે ધ્યાયો તે પ્રાણી આઠ કર્મના આવરણને દૂર કરી, આત્માના મૂળ ગુણને પ્રગટ કરી સિદ્ધપદને પામે છે. માટે ભવ્ય પ્રાણીઓએ આત્માને ઓળખવાનો અને તેના મૂળ સ્વરૂપને પ્રગટ કરવાનો અહર્નિશ ઉદ્યમ કરવો. ”

આ પ્રમાણે અજિતસેન મુનિ દેશના દઇ રહ્યા એટલે શ્રીપાળ રાજાએ ઉભા થઇ હાથ જોડીને વિજ્ઞપ્તિ કરી કે “ હે ભગવંત ! આપે આપેલી દેશના સાંભળી હું કૃતાર્થ થયો છું. હવે હું આપને પ્રાર્થના કરૂં છું કે “ મને બાલપણામાં કયા કર્મના ઉદયથી દુષ્ટ રોગ થયો ? કયા કર્મથી તે રોગ નાશ પામ્યો ? કયા કર્મથી સ્થાને સ્થાને હું બહુ ઋદ્ધિ પામ્યો ? કયા કર્મથી સમુદ્રમાં પડયો ? કયા કર્મથી મને ડુંબપણાનું કલંક આવ્યું ? અને કયા કર્મથી એ સર્વ વિપત્તિઓ વિસરાળ થઇ તેમજ નવ સ્ત્રીઓ અને આ રાજઋદ્ધિ વિગેરે પામ્યો ? ઇત્યાદિ સર્વ કૃપા કરીને કહો. ”

શ્રીપાળ કુમારની પ્રાર્થનાથી અવધિજ્ઞાની મુનિરાજ તેના પૂર્વ ભવની હકીકત કહેશે, અને તે સાંભળીને શ્રીપાળકુમાર પોતાના કર્ત્તવ્યમાં વિશેષપણે તત્પર થશે. અહીંથી હવે નવા પ્રકરણની શરૂઆત થાય છે, તે હવે પછીના અંકમાં આપવામાં આવશે. હાલ તો આપણે આ અંકમાં આપેલી દેશના સંબંધી મનન કરીએ.

બીજા પ્રકરણની માફક આ પ્રકરણમાં આપેલી દેશના એ પોતેજ સારભૂત હોવાથી તેમાંથી સાર કાઢવાપણું વિશેષ હોતું નથી; કેમકે માખણમાંથી માખણ કાઢવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોયજ નહીં. પરંતુ એ દેશનામાં આવેલી હકીકતમાંની કેટલીકનું સ્પષ્ટિકરણ કરવામાં આવે છે.

મુનિરાજે પ્રારંભમાંજ કહ્યું કે 'હે ભવ્ય પ્રાણીઓ! તમે જિનરાજની વાણી સાંભળો અને ચિત્તમાં ધારણ કરો.' આમાં ભવ્ય પ્રાણીને ઉદ્દેશીને કહેવાની મતલબ એ છે કે મોક્ષગમનની યોગ્યતા ભવ્ય જીવોમાંજ છે, અભવ્યમાં નથી; તેથી તેને દેશના આપવી નિરર્થક છે. આ કારણથીજ એ સંબોધનવાપરવામાં આવ્યું છે; અને જિનરાજની વાણી કહેવાની મતલબ એ છે કે' આ હું જે કાંઈ દેશના આપું છું તે મારી વાણી નથી પરંતુ શ્રી જિનેશ્વર ભગવંતે સમવસરણમાં બેસી બાર પર્ષદાની સન્મુખ જે દેશના આપી છે તેનાજ એક નિઝરણારૂપ છે, તેનુંજ અંગ છે; તેથી તેને મારી વાણી જાણીને અલ્પ મહત્વ આપશો નહીં, પરંતુ પરમાત્માની વાણી જાણી પુરતું મહત્વ આપજો.' આમ કહેવાવડે દેશનાની મહત્વતા સિદ્ધ કરી છે.

ત્યાર પછી મનુષ્ય ભવાદિની દુર્લભતા બતાવતાં 'ગુરૂ મહારાજની જોગવાઈ કદિ પામીએ તોપણ તેર કાઠીઆ તેનો લાભ લેવા દેતા નથી, અંતરાય કરે છે' એમ કહ્યું છે. તે તેર કાઠીઆ આ પ્રમાણે—પહેલો **આળસ** નામે કાઠીઓ તે ગુરૂ પાસે જતાં આળસ ઉત્પન્ન કરી જવા ન દે. બીજો **મોહ** નામે કાઠીઓ તે પુત્ર કલત્રાદિ ઉપર મોહ ઉપજાવી તેમાંજ રોકી રાખે. ત્રીજો **અવિનય** કાઠીઓ અવિનયપણાની બુદ્ધિથી રોકે. ચોથો **અભિમાન** કાઠીઓ 'કોણ જેને તેને પગે લાગે' એવો અહંકાર ઉપજાવીને જતાં રોકે. પાંચમો **ક્રોધ** કાઠીઓ એવા વિચાર ઉપજાવે કે ગુરૂ તો કાંઈ આપણી આગતસ્વાગત કરતા નથી, બોલાવતા નથી, ધર્મલાભ કહેતા નથી, ત્યાં કોણ જાય? આવા વિચારથી અટકે. છઠ્ઠો **પ્રમાદ** કાઠીઓ પ્રમાદમાંજ ગ્રસ્ત રાખે. સાતમો **કૃપણતા** નામે કાઠીઓ એવા વિચાર કરાવેકે ગુરૂ પાસે જઈશું તો કોઈ પણ બાબતમાં પૈસા ખર્ચવા પડશે, તેથી જઈ ન શકે. આઠમો **ભય** કાઠીઓ અનેક જાતિનાં ભયનાં કારણ સમજાવી જવા ન દે. નવમો **શોક** કાઠીઓ બીજાનાં સ્ત્રી પુત્રાદિક તેમજ વસ્ત્રાભૂષણ વિગેરે જોઈ શોક ઉત્પન્ન કરે ને જવા ન દે. દશમો **અજ્ઞાન** કાઠીઓ અનેક પ્રકારની અજ્ઞાનજન્ય ચેષ્ટામાં રોકી રાખે. અગ્યારમો **વિકથા** કાઠીઓ જેની તેની સાથે વિકથા કરવામાં કલાકોના કલાકો રોકી રાખે, ગુરૂ પાસે જવાનો વખતજ મળવા ન દે. બારમો **કૌતુક** કાઠીઓ ગુરૂ પાસે જતાં પણ માર્ગમાં કૌતુક જોવામાં રોકી રાખે; ને તેરમો **વિષય** કાઠીઓ પાંચ ઇંદ્રિયોના વિષયમાં નિમગ્ન કરી દઈ આજે જઈશું, કાલે જઈશું એવા દિલાસા આપી ગુરૂ મહારાજ વિહાર કરે ત્યાંસુધી દર્શનનો લાભ લેવા ન દે. આ પ્રમાણે તેર કાઠીઆ ગુરૂમહારાજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનમાંજ નહિ પણ દેવપૂજા, સંઘભક્તિ, તીર્થયાત્રાદિ અનેક શુભ કાર્યોમાં રોકી રાખનારા છે.[1]

'કાઠીઆઓને દૂર કરીને કદિ ગુરૂમહારાજ પાસે જાય—દર્શન પામે તોપણ ધૂર્તવ્યુદ્ગ્રાહિત ચિત્તવાળાની જેમ મિથ્યાત્વવાસિત મતિ હોવાથી ગુરૂસેવાનો લાભ લઇ શકે નહીં' એમ દેશનામાં કહ્યું છે. તે ધૂર્તની કથા આ પ્રમાણે છે.—" એક જોગી સોનું લઇને કોઇ સોની પાસે તેના કડાં કરાવવા ગયો. તે સોની બહુ ધૂર્ત હતો. તેણે કડાં કરીને ઉજાળ્યાં અગાઉ તે જોગીને આપીને કહ્યું કે 'તમે આ લઇને મારૂં નામ કહ્યા વિના બીજા નાણાવટી વગેરેને બતાવી આવો કે આ સોનું બરાબર છે કે નહીં? પછી હું ઉજાળી દઉં એટલે મારૂં નામ લઈને પાછા તેઓનેજ બતાવી આવજો એટલે તેઓ કેવા ખોટા બોલા છે ને મારી સાથે કેટલી અદેખાઇ રાખે છે તેની તમને ખબર પડશે.' જોગી કડાં લઈ સૌને બતાવી આવ્યો. સૌએ કહ્યું કે 'સોળવલા સોનાનાં છે.' પછી પેલા સોનીને તે વાત કહીને ઉજાળવા આપ્યાં. સોનીએ ઉજાળતાં તે બદલી નાંખીને તેવાંજ પીતળનાં કડાં ઉજાળી આપ્યાં. પછી પાછો પોતાના નામ સાથે બધે બતાવવા મોકલ્યો. એટલે સૌએ પીતળનાં કહ્યાં, પણ તે જોગીએ તે વાત માની નહીં. કારણકે પેલા સોનીએ પ્રથમથી તેનું ચિત્ત વ્યુદ્ગ્રાહિત કરી રાખેલું હતું." તેમજ આ જીવને મિથ્યાત્વે પ્રથમથી અનેક વિપરીત વાતો સમજાવી રાખેલી હોવાથી તેને ગુરૂનાં વચનપર પ્રતીત આવતી નથી, ગુરૂની સેવા કરી શકતો નથી, સંસારને અસાર ને અનિત્ય માની શકતો નથી, તેમાંજ આસક્ત રહે છે. માટે ઉત્તમ જીવે તે જોગી જેવા ન થતાં તત્ત્વાતત્ત્વની ગવેષણા કરવી અને તત્ત્વ આદરી અતત્ત્વને તજવા ઉદ્યમ કરવો.

આગળ ચાલતાં 'પોતાની બુદ્ધિને જે આગળ કરે છે તે તત્ત્વ પામી શકતો નથી' એમ કહ્યું છે. ત્યાં 'મૂર્ખની જેમ પ્રાપ્ત અપ્રાપ્ત જેવા વિચાર કરે છે' એમ પણ કહ્યું છે. તે વિચાર આ પ્રમાણે—'એક છાત્ર વેદ ભણ્યો પણ તેની વિવેચના સમજ્યો નહીં. તે એક દિવસ બજારમાં ગયો ત્યાં રાજાનો હાથી મદમાં આવવાથી છુટયો. તે સામે આવતો હતો. લોકો બધાં દુકાનો ઉપર ચડી ગયાં હતાં. છાત્રને એકલો રસ્તામાં ઉભેલો જોઇ દૂરથી હાથીપરના મહાવતે કહ્યું કે 'અરે! તું દૂર જતો રહે.' ત્યારે તે વિચારવા લાગ્યો કે 'આ હાથી પ્રાપ્તને મારશે કે અપ્રાપ્તને મારશે? પ્રાપ્ત એટલે પામેલો મહાવત છે, અને અપ્રાપ્ત તો ગામનાં લોકો ઘણાં છે તેને મારતો નથી તો મને કયા ન્યાયથી મારશે?' આમ વિચાર કરતો ત્યાંજ ઉભો રહ્યો, તેવા-

૧ આ સંબંધી વધારે હકીકત જાણવાની ઇચ્છાવાળાએ અમારી તરફથી પ્રસિદ્ધ થયેલ ચરિતાવળી ભા. ૨ જાની અંદર તેમજ જુદી છપાવેલ તેર કાઠીઆની કથા વાંચવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં હાથીએ આવીને તેને મારી નાંખ્યો.” માટે એવી મિથ્યા વિચારણા કરવી નહીં. ગુરૂમહારાજના વચનપર શ્રદ્ધા રાખી શાસ્ત્રદૃષ્ટિથી તેની વિચારણા કરવી. આપમતિને આગળ કરવી નહીં. આપમતિને આગળ કરવાથી અને તે પ્રમાણે ચાલવાથી દુર્ગતિના ભાજન થવું પડે છે, અને જે સદ્ગુરૂનાં વચનપર પ્રતીત રાખી તદનુસાર વર્તન કરે છે તે સદ્ગતિના ભાજન થાય છે.

સત્યધર્મના વ્યાખ્યાનમાં ચાર પ્રકારનાં સત્ય કહ્યાં છે. તે નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ એ ચાર સમજવાં. ઋષભાદિક પ્રભુના નામ તે **નામસત્ય,** તેમની કાષ્ઠ પાષાણાદિની પ્રતિમા તે **સ્થાપના સત્ય,** શ્રેણીકાદિ જે તીર્થંકર થવાના છે તે **દ્રવ્ય સત્ય** અને વર્તમાનકાલે કેવળીપણે વિચરતા સીમંધર સ્વામ્યાદિ તીર્થંકરો તે **ભાવ સત્ય** એમ ચારે નિક્ષેપાસત્ય જાણવા.

તપધર્મમાં બાર પ્રકારનો તપ કહ્યો છે, તે આ પ્રમાણે—૧ જઘન્ય નવકારશી ને ઉત્કૃષ્ટ જાવજીવ સુધી આહાર પાણીનો ત્યાગ કરવો તે **અનશન તપ,** ૨ આહારના પ્રમાણથી ઓછો આહાર કરવો તે **ઉણોદરી તપ,** ૩ દ્રવ્યનો સંક્ષેપ કરવો તે **વૃત્તિસંક્ષેપ તપ,** ૪ રસ (વિગય)નો ત્યાગ કરવો તે **રસત્યાગ તપ,** ૫ લોચપ્રમુખ કલેશ સહન કરવો તે **કાયકલેશતપ,** અને પાંચ ઇંદ્રિયોને ગુપ્ત કરવા તે **સલીનતા તપ.** આ છ પ્રકારનો **બાહ્યતપ** કહેવાય છે. ૧ ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત લેવું તે **પ્રાયશ્ચિત્ત તપ,** ૨ વડિલોનો વિનય સાચવવો તે **વિનયતપ,** ૩ ગુરૂ વિગેરેની વૈયાવચ્ચ કરવી તે **વૈયાવચ્ચતપ,** ૪ વાંચના પૃચ્છનાદિ સ્વાધ્યાય કરવો તે **સ્વાધ્યાય તપ,** ૫ ધર્મધ્યાન શુકલ ધ્યાન ધ્યાવું તે **ધ્યાનતપ** અને ૬ એકચિત્તે કાઉસગ્ગ કરવો તે **કાયોત્સર્ગતપ.** આ છ પ્રકારનો **અભ્યંતરતપ** કહેવાય છે.

પ્રાંતે મોક્ષના ઉપાયભૂત નવપદ કહ્યાં છે તેની ટુંકી વ્યાખ્યા આ પ્રમાણે—૧ ચાર ઘનઘાતિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા તે **અરિહંત,** ૨ આઠે કર્મોનો ક્ષય કરી સિદ્ધ થયા તે **સિદ્ધ,** ૩ પાંચ આચારને પાળે પળાવે તે **આચાર્ય,** ૪ અંગ ઉપાંગ ભણે ભણાવે તે **ઉપાધ્યાય,** ૫ શિવસુખ સાધવાનો પ્રયત્ન કરે તે **સાધુ,** ૬ જ્ઞાન અને જ્ઞાનીની ભક્તિમાં સાવધાન રહેવું તે **જ્ઞાન,** ૭ સમકિત દર્શન પામવાનાં કારણો સેવવાં તે **દર્શન,** ૮ આઠ કર્મના થયેલા સંચયને રિક્ત કરે–ખાલી કરે તે **ચારિત્ર** અને ૯ નિકાચિત કર્મને પણ દૂર કરે તે **તપ.** આ પ્રમાણે નવપદ સમજવાં. તેનું આરાધન કરવાથી અનેક પ્રાણી મોક્ષસુખ પામ્યા છે, પામે છે અને પામશે. માટે તેના આરાધનમાં તત્પર રહેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં મુનિરાજની દેશના સમાપ્ત થાય છે. હવે શ્રીપાળ રાજાના પૂછવાથી તેના પૂર્વભવનું વૃત્તાંત ગુરૂમહારાજ કહે છે તે આવતા અંકના પ્રકરણમાં દાખલ કરવામાં આવશે.

# धर्मकर्ममां दंभनो त्याग करवा विषे.

दंभतो नन्वयत्नेन, तपोऽनुष्ठानमादृतम् ।
तत्सर्वं निष्फलं ज्ञेयमूषरक्षेत्रवर्षणम् ॥ १ ॥

**ભાવાર્થ**—" તપ અનુષ્ઠાનાદિ નિશ્ચયે જો અયતનાવડે અને દંભથી કરવામાં આવે તો તે સર્વ ઉખર જમીનમાં વૃષ્ટિની જેમ નિષ્ફળ જાણવા. " તે ઉપર સુજ્જસિરિની કથા છે તે આ પ્રમાણે—

## સુજ્જસિરિની કથા.

અવન્તિ નગરીમાં **શંબુક** નામના બેટને વિષે **સુજ્જશિવ** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે દરિદ્રી અને નિર્દય હતો. તેની સ્ત્રી **યજ્ઞયશા** અન્યદા ગર્ભવતી થઇ. પ્રસૂતિસમયે પ્રસવની વેદનાથી તે મરી ગઇ. તેણે એક કન્યાને જન્મ આપ્યો હતો.તેનું નામ સુજ્જસિરિ રાખ્યું હતું. આ સુજ્જસિરિનો જીવ પૂર્વ ભવે કોઇ રાજાની રાણી હતો. તે રાણીએ પોતાની શોકના પુત્રને મારી નાંખવાનો વિચાર કર્યો હતો, તેથી આ ભવે તેની માતા જન્મતાંજ મૃત્યુ પામી. અનુક્રમે તે પુત્રી આઠ વર્ષની થઇ તેવામાં બાર વર્ષનો દુષ્કાળ પડ્યો. એટલે આજીવિકા માટે તે સુજ્જશિવ બ્રાહ્મણ પુત્રીને લઇને પરદેશ ચાલ્યો. માર્ગે જતાં કોઇ ગામમાં **ગોવિંદ** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને ઘેર તેણે સુજ્જસિરિ વેચી. અનુક્રમે તે ગોવિંદ પણ નિર્ધન થયો. એકદા તેને ઘેર કોઇ મહીયારી ગોરસ વેચવા આવી. તેની પાસેથી ગોવિંદની સ્ત્રીએ ચોખાને બદલે ગોરસ લીધું અને ચોખા લાવવાને માટે સુજ્જસિરિને ઘરમાં મોકલી. તે ઘરમાં જઇ આમ તેમ જોઇને પાછી આવી અને બોલી કે ' ચોખા કયાં છે ? મેં તો કયાંઇ જોયા નહીં. ' તે સાંભળીને ગોવિંદની સ્ત્રી પોતે ઘરમાં ગઇ, તો ઘરના એક ખુણામાં તેના મોટા પુત્રને કોઇ વેશ્યા સાથે ક્રીડા કરતાં જોયો. તે પુત્રે તેને આવતી જોઇને તિરસ્કાર કર્યો, તેથી તે મૂર્છા પામી ગઇ. ગોવિંદને તેની ખબર પડતાં તેણે શીત ઉપચારથી તેને સજ્જ કરી. એટલે તે સ્ત્રીને જાતિસ્મરણજ્ઞાન થવાથી તેણે પોતાનો પૂર્વભવ જાણીને કહી બતાવ્યો. તે સાંભળીને ગોવિંદે પોતાની સ્ત્રી સહિત દીક્ષા ગ્રહણ કરી.

આ સમયે શ્રી ગૌતમ સ્વામીએ શ્રી મહાવીર સ્વામીને પ્રણામ કરીને પૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છયું કે " હે ભગવંત ! તેણે પોતાનો પૂર્વભવ શો કહી બતાવ્યો કે જેથી ગોવિંદને પણ વૈરાગ્ય ઉપજ્યો ?" એટલે ભગવાન બોલ્યા કે તે સ્ત્રીએ લાખ ભવ ઉપર દંભ કર્યો હતો. પૂર્વે તે **ક્ષિતિપ્રતિષ્ઠ** નગરના રાજાની **રૂપી** નામની પુત્રી હતી. તે પુત્રીનું પાણિગ્રહણ થયું કે તરતજ તેનો પતિ મૃત્યુ પામ્યો. એટલે તે રૂપી વિધવા થવાથી તેણે શીલના રક્ષણ માટે ચિતામાં પ્રવેશ કરવા પોતાના પિતાની રજા માગી. રાજાએ કહ્યું કે " હે પુત્રી ! ચિતામાં પ્રવેશ કરવાથી પતંગના મૃત્યુની જેમ નિષ્ફળ મરવાપણું છે, તેથી તું તે વાત છોડી દઈને જૈનધર્મમાં રક્ત થઇ શીલવ્રતનું પાલન કર." તે સાંભળીને રૂપીએ ભાવથી શીલ અંગીકાર કર્યું. અન્યદા તે રાજા પુત્રરહિત મરણ પામ્યો, એટલે પ્રધાનોએ તે પુત્રીનેજ ગાદીપર બેસાડી, અને તેને **રૂપીરાજા**ના નામથી બોલાવવા લાગ્યા. અનુક્રમે રૂપી યુવાવસ્થા પામી. તેના ગાત્રમાં કામદેવે પ્રવેશ કર્યો. એકદા સભાને વિષે **શીલસન્નાહ** નામનો મંત્રી બેઠો હતો તેની સામું રૂપીએ સરાગ દૃષ્ટિએ જોયું. તે મંત્રીએ પણ તેના ચિત્તનો અભિપ્રાય જાણી લીધો. એટલે શીલભંગથી ભીરૂ મંત્રી ગુપ્ત રીતે નગરની બહાર નીકળી ગયો, અને **વિચારસાર** નામના કોઇ બીજા રાજાનો સેવક થઇને રહ્યો. એકદા તે રાજાએ મંત્રીને પૂછ્યું કે " તેં પ્રથમ જે રાજાની સેવા કરી હતી તેનું નામ તથા તારૂં કુળ, જાતિ, નગર વિગેરે કહે." મંત્રીએ કહ્યું કે " મેં જે રાજાની પ્રથમ સેવા કરી હતી તેની આ મુદ્રા જુઓ. બાકી તેનું નામ તો ભોજન કર્યા પહેલાં લેવું યોગ્ય નથી. કેમકે જો ભોજન કર્યા અગાઉ તેનું નામ લેવામાં આવે તો તે દિવસ અન્ન વિનાનો જાય છે." તે સાંભળીને રાજા વિસ્મય થયો, એટલે તરતજ સભામાં ભોજનસામગ્રી મંગાવી, હાથમાં કમળ લઇને મંત્રીને કહ્યું કે " હવે તે રાજાનું નામ લે." જ્યારે મંત્રીએ 'રૂપીરાજા' એ પ્રમાણે નામ કહ્યું, કે તરતજ " શત્રુ રાજાએ આપના નગરને ઘેરો ઘાલ્યો છે." એ વાકય રાજાએ સાંભળ્યું. તત્કાળ કમળ નાંખી દઇને રાજા યુદ્ધ કરવા ગયો. પરસ્પર મોટું યુદ્ધ ચાલ્યું. તે વખતે યુદ્ધનું નિવારણ કરવા માટે શીલસન્નાહ પણ ત્યાં ગયો. તેને મારવા માટે શત્રુના સુભટો તેની સન્મુખ આવ્યા. તેમને શાસનદેવીએ સ્તંભિત કર્યા, અને આકાશ વાણી કરી કે **नमोस्तु शीलसन्नाहाय ब्रह्मचर्यरक्ताय** " બ્રહ્મચર્યમાં આસક્ત એવા શીલસન્નાહને નમસ્કાર છે" એમ બોલીને દેવતાઓએ શીલસન્નાહ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. શીલસન્નાહ તે વાકય સાંભળીને વિચાર કરવા લાગ્યો, એટલે તરતજ તેને જાતિસ્મરણ થયું, અને અવધિજ્ઞાન પણ પ્રાપ્ત થયું. તત્કાળ તેણે પંચમુષ્ટિ લોચ કરી ચારિત્ર અંગીકાર કર્યું. પછી તે મુનિના ઉપદેશથી તે બન્ને રાજાઓ બોધ પામી યુદ્ધથી નિવૃત્ત થયા. પૂર્વભવમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલસન્નાહ મુનિ સાવદ્ય વચન બોલ્યા હતા, તેથી તેના પ્રાયશ્ચિત્ત માટે તેણે મૌન વ્રત ધારણ કર્યું.[1]

પ્રાંતે તે મુનિ ચારિત્ર પાળીને પ્રથમ દેવલોકમાં દેવતા થયા, અને ત્યાંથી ચ્યવીને એ શીલસન્નાહ આ સ્વયંબુદ્ધ મુનિ થયા છે.[2]

શીલસન્નાહ મુનિ વિહાર કરતાં કરતાં એકદા રૂપી રાજાના નગરની બહારના ઉદ્યાનમાં આવ્યા. તેને વાંદવા માટે રૂપી રાજા સામન્તાદિક સહિત ઉદ્યાનમાં આવ્યા. ત્યાં ગુરૂની દેશના સાંભળીને રૂપી રાજાએ દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે શીલસન્નાહ મુનિ સમેતશિખર ગયા. ત્યાં જિનેશ્વરોને વંદના કરીને એક શિલાપટ્ટ ઉપર સંથારો કરી સંલેખના કરવા તૈયાર થયા. તે વખતે રૂપી સાધ્વી બોલી કે " હે ગુરૂ! મને પણ સંલેખના કરાવો." ગુરૂ બોલ્યા કે " ભવ સંબંધી સર્વ પાપોની આલોચના લઈને શલ્યરહિત થયા પછી ઇચ્છિત કાર્ય કરો. કેમકે જ્યાંસુધી શલ્ય ગયું ન હોય ત્યાંસુધી બહુ ભવભ્રમણ કરવું પડે છે. જેમ કોઇક રાજાના અશ્વના પગમાં ખીલો વાગ્યો હતો તે નાનો સરખો કકડો અંદર ભરાઇ રહ્યો હતો, તેથી તે અશ્વ અતિ કૃશ થવા લાગ્યો. રાજાએ તેને માટે અનેક ઉપચારો કર્યા પણ તે નિષ્ફળ ગયા. પછી એક કુશળ પુરૂષે તે અશ્વના આખા શરીરે આછો આછો કાદવ ચોપડ્યો એટલે જે ઠેકાણે શલ્ય હતું તે ભાગ ઉપસી આવ્યો. તે જોઇને તે પુરૂષે તેમાંથી નખહરણી[3] વતી તે શલ્ય કાઢી નાંખ્યું, એટલે તે અશ્વ સ્વસ્થ થયો. વળી હે સાધ્વી! એક તાપસ હતો, તેણે એકદા અજાણ્યું ફળ ખાધું. તેથી તે રોગગ્રસ્ત થયો. પછી દવામાટે તે વૈદ્ય પાસે ગયો. વૈદ્યે શું ખાધું છે? એમ પૂછ્યું ત્યારે તાપસે સત્ય વાત કહી દીધી. તેથી વૈદ્યે તેને વમન તથા વિરેચન આપીને સાજો કર્યો." આ પ્રમાણે સાંભળીને તે રૂપી સાધ્વીએ માત્ર એક દૃષ્ટિવિકાર ( શીલસન્નાહ સામું વિકારદૃષ્ટિએ જોયું હતું તે) વિના બીજાં સર્વ પાપની આલોચના લીધી. ગુરૂએ કહ્યું કે" પ્રથમ સભામાં તેં મારી સામું સરાગ દૃષ્ટિએ જોયું હતું, તેની આલોચના કર." તે બોલી કે " તે તો મેં સહજ નિર્દંભપણે જોયું હતું." તે સાંભળીને ગુરૂએ તેને ઉપદેશ આપવા માટે લક્ષ્મણા રાજપુત્રીનું દૃષ્ટાંત કહી સંભળાવ્યું કે—

" ગઇ ઉત્સર્પિણીમાં **ક્ષિતિપ્રતિષ્ઠ** નામના નગરને વિષે **જંબુદાડિમ** નામના **રાજાની લક્ષ્મણા** નામે યુવાન પુત્રી હતી. તે સ્વયંવરમંડપમાં એક યોગ્ય પતિને **વરી.** તેના પાણિગ્રહણ વખતે ચોરીમાંજ તેનો પતિ અકસ્માત્ મરણ પામ્યો. તેથી લ-

---

૧ ધર્મ દેશનાદિ શુભ નિમિત્ત વિના ન બોલવું એ પ્રમાણેનું મૌનવ્રત જાણવું. ૨ આ હકીકત શીલસન્નાહના ભવના પ્રાંત ભાગની વચ્ચે લખવામાં આવી છે. ૩ ભાષામાં ' નેરણી ' કહેવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષ્મણા અતિ દુઃખથી વિલાપ કરવા લાગી. તેના પિતાએ તેને શિખામણ આપી કે "હે પુત્રી! કર્મની વિચિત્ર ગતિ છે. માટે હવે વિલાપ કરવાથી શું ફળ છે? તેથી તું જીવિત પર્યંત શીલનું પાલન કર." ઇત્યાદિ કહીને,રાજાએ તેને શાંત કરી. એકદા શ્રી જિનેશ્વર તે રાજાના ઉદ્યાનમાં સમવસર્યા. ભગવાનની દેશનાથી બોધ પામીને રાજાએ પુત્રી સહિત દીક્ષા ગ્રહણ કરી. લક્ષ્મણા સાધ્વી પોતાની ગુરૂણી (પ્રવર્ત્તિની) પાસે રહીને સંયમ પાળવા લાગી. એકદા ગુરૂણીજી (મહુત્તરા) ના કહેવાથી તે વસતિ શોધવા ગઈ. ત્યાં ચકલાના મિથુનને ચુંબનાદિ પૂર્વક કામક્રીડા કરતું જોઇને તેણે વિચાર્યું કે "પતિથી વિયોગ પામેલી મને ધિક્કાર છે! અહો! આ પક્ષીઓ પણ પ્રશંસા કરવા લાયક છે,કે જેઓ સાથે રહીને નિરંતર ક્રીડા કરે છે.અહો! શ્રી જિનેશ્વરોએ આનો સર્વથા નિષેધ કેમ કર્યો હશે? જરૂર શ્રીજિનેન્દ્રો અવેદી હોવાથી વેદોદયના વિપાકથી અજાણ્યા હોવા જોઇએ." આવા વિચારથી તેણે જિનેશ્વરમાં અજ્ઞાનદોષ પ્રગટ કર્યો અને દાંપત્યસુખની પ્રશંસા કરી. પછી તરતજ પોતાનું સાધ્વીપણું યાદ આવવાથી તે પોતાને નિંદવા લાગી કે "અરેરે! મેં મારૂં વ્રત ફોગટ ખંડિત કર્યું! આ પાપનું પ્રાયશ્ચિત્ત ગુરૂ પાસે જઇને લઉં." એમ નિર્ણય કરતાં વળી વિચાર આવ્યો કે "હું બાલ્યાવસ્થાથીજ શીલવ્રતને પામનારી રાજપુત્રી છું, તેથી સર્વ લોકની સમક્ષ આ નિંદવા લાયક દુષ્કર્મનું શી રીતે પ્રાયશ્ચિત્ત લઈ શકું? તેમ કરવાથી તો મારી આજસુધીની જે શીળપ્રશંસા છે તે નષ્ટ થાય, માટે અન્યની સાક્ષીનું શું કામ છે? આત્માની સાક્ષીએ જે કરવું તેજ પ્રમાણ છે." ઇત્યાદિ વિચાર કરીને તે સાધ્વીએ ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત લીધા શિવાય પોતાની મેળેજ પ્રાયશ્ચિત્ત તરીકે છટ્ઠ, અટ્ઠમ, દશમ, આંબિલ, નીવી વિગેરે અનેક તપસ્યાઓ ચૌદ વર્ષ પર્યંત કરી; સોળ વર્ષ સુધી માસક્ષપણ કર્યા,અને વીશ વર્ષ સુધી સતત્ આંબિલ કર્યા. એકદા તેણે વિચાર્યું કે "મેં આટલી બધી તપસ્યા કરી, પણ તેનું સાક્ષાત્ ફલ તો મેં કાંઇ પણ જોયું નહીં." ઇત્યાદિ આર્તધ્યાન કરતાં તે મૃત્યુ પામીને એક વેશ્યાને ઘેર અતિ રૂપવતી દાસી થઇ. તેનું રૂપ જોઈને સર્વ કામી પુરૂષો તેનેજ ઇચ્છવા લાગ્યા. વેશ્યાની પુત્રી જોયાં છતાં પણ તેની કોઇ ઇચ્છા કરતું નથી. તે જોઇને તેની અક્કા રોષ પામીને વિચારવા લાગી કે "આ રૂપવતી દાસીનાં કાન, નાક અને હોઠ કાપી નાંખવા યોગ્ય છે." તેજ રાત્રિએ કોઈ વ્યંતર દેવતાએ તે દાસીને ઉંઘમાં અક્કાના વિચારનું સ્વપ્ન આવ્યું. તેથી ભય પામીને તે દાસી પ્રાતઃકાળે ત્યાંથી ભાગી. ભમતાં ભમતાં છ માસ વ્યતીત થયા ત્યારે કોઈ ગૃહસ્થના પુત્રે તેને પોતાના ઘરમાં રાખી. એકદા તે શ્રેષ્ઠીની પત્નીને ઈર્ષ્યા આવવાથી તેણે ક્રોધવડે તે દાસી ઉંઘી ગઇ હતી ત્યારે તેના ગુહ્યસ્થાનમાં લોઢાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોશ નાંખી, તેથી તે દાસી મૃત્યુ પામી. શેઠાણીએ તેના શરીરના ટુકડે ટુકડા કરીને ગીધ વિગેરે પક્ષીઓને ખવરાવી દીધા. શ્રેષ્ઠીએ તે વૃત્તાંત જાણ્યું એટલે વૈરાગ્ય પામીને તરતજ ચારિત્ર લીધું. તે દાસી ઘણા ભવમાં ભ્રમણ કરીને **નરદેવ** (ચક્રવર્તી)નું સ્ત્રીરત્ન થઈ, ત્યાંથી મરીને છઠ્ઠી નારકીમાં ગઇ, ત્યાંથી શ્વાન યોનિમાં ઉપજી. અનેક વાર મરણ પામીને નિર્ધન બ્રાહ્મણપણું પામી. પછી અનુક્રમે વ્યન્તરપણું, બ્રાહ્મણપણું, નરકે ગમન, સાત ભવ સુધી પાડો, મનુષ્ય, માછલી અને અનાર્ય દેશમાં સ્ત્રીપણું પામી. મરીને છઠ્ઠી નરકે ગઈ. ત્યાંથી નીકળી કુષ્ટિ મનુષ્ય થઇ. પછી પશુ અને સર્પ યોનિમાં ઉત્પન્ન થઈ, મરીને પાંચમી નરકે ગઇ. ઇત્યાદિ ચારે ગતિમાં પરિભ્રમણ કરીને તે લક્ષ્મણાનો જીવ પદ્મનાભ સ્વામીના વારામાં કોઇક ગામમાં કુબડી સ્ત્રી થશે. તેને તેના માબાપ અવિનિતપણાને લીધે ઘરમાંથી કાઢી મૂકશે. પછી તેને અરણ્યમાં ભ્રમણ કરતાં કાંઇક પુણ્યોદયથી શ્રી પદ્મનાભ પ્રભુના દર્શન થશે. ત્યાં તે પોતાના કર્મવિપાકનો પ્રશ્ન કરશે. ત્યારે પ્રભુ સર્વ વૃત્તાંન્ત કહેશે. તે સાંભળીને તે કુબ્જા વૈરાગ્ય પામી દીક્ષા લેશે. પછી પૂર્વનાં સર્વ દુષ્કૃતોની આલોચના પ્રતિક્રમણા કરીને સમાધિવડે કેવળજ્ઞાન પામી સિદ્ધિપદને પામશે." ઇતિ લક્ષ્મણા સાધ્વી પ્રબંધઃ

આ પ્રમાણે શીળસન્નાહ મુનિએ કહેલો વૃત્તાંત સાંભળ્યા છતાં પણ રૂપી સાધ્વી બોલી કે "હે ગુરૂ! મારામાં કાંઇ પણ શલ્ય નથી." આ પ્રમાણે કહેવાથી તેણે માયાવડે સ્ત્રીપણું ઉપાર્જન કર્યું. ગુરૂએ તેને અયોગ્ય જાણીને પોતે એક માસની સંલેખના કરી, અને કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.[1]

રૂપી સાધ્વી વિરાધક ભાવે મૃત્યુ પામીને વિદ્યુત્કુમારની કાયમાં દેવી થઇ, ત્યાંથી ચવીને શ્યામ અંગવાળી અને કામવાસનાથી વિહ્વળ એવી કોઇ બ્રાહ્મણની પુત્રી થઇ, ત્યાંથી નરકમાં ગઈ, ત્યાંથી નીકળી તિર્યંચ થઇ, એવી રીતે ત્રણે ઉણા લાખ ભવ સુધી પરિભ્રમણ કરીને મનુષ્યભવ પામી પ્રવ્રજ્યા ગ્રહણ કરી સાધુ ગુણને પામી; પરંતુ પૂર્વની માયાને લીધે ત્યાંથી કાળ કરીને ઇન્દ્રની અગ્ર મહિષી (ઇંદ્રાણી) થઇ, ત્યાંથી ચવીને તે ગોવિંદની સ્ત્રી થઇ, અને આ ભવમાં ચારિત્ર પામીને મોક્ષે ગઈ." ઇતિ રૂપી શ્રમણી સંબંધઃ

હવે પેલી સુજ્જસિરિ ગોવિંદના ઘરમાં રહેતી હતી, ત્યાંથી તેને લોભ પમાડીને એક આભીરી પોતાને ઘેર લઈ ગઇ. ત્યાં દૂધ દહીં વિગેરે ખાઇને તે મનોહર રૂપવાળી થઈ. તેનો પિતા જે સુજ્જસિવ હતો તે મનુષ્ય અને પશુનો ક્રયવિક્રય કરવાવડે પાંચ મોહોર મેળવી ફરતો ફરતો એકદા રાત્રિ રહેવા માટે તે આભીરીને

---

૧ પ્રથમની હકીકત સાથે મેળવતાં અનુક્રમે કેવળજ્ઞાન પામી મોક્ષ જશે એમ ઘટમાન લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘેર આવ્યો. ત્યાં પોતાની પુત્રી સુજ્જસિરિના રૂપથી મોહ પામીને ઘણા દ્રવ્યનો વ્યય કરી તેને પરણ્યો. એકદા બે સાધુને જોઇને સુજ્જસિરિનાં નેત્રમાં જળ ભરાયું. તેનું કારણ તેના પતિએ પૂછ્યું ત્યારે તે બોલી કે " મારા સ્વામી ગોવિંદની પત્ની આવા ઘણા સાધુઓને પ્રતિલાભીને પંચાંગ નમસ્કાર કરતી હતી, તેનું સ્મરણ થવાથી મને શોક થાય છે. " તે સાંભળીને સુજ્જશિવે તેને પોતાની પુત્રી તરીકે ઓળખી અને તેણે પણ પોતાના પિતા તરીકે સુજ્જશિવને ઓળખ્યો; તેથી તે બન્ને લજ્જિત થયા. પછી તે બન્ને અગ્નિમાં બળી મરવાનો નિશ્ચય કરી ચિતા ખડકીને તેમાં પેઠા, પણ કાષ્ઠ નિદહિક[1] જાતિના હોવાથી અગ્નિ પણ બુઝાઇ ગયો. લોકોએ તેમનો અત્યંત તિરસ્કાર કર્યો, એટલે તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા. અનુક્રમે એક મુનિ મળ્યા, એટલે તેની પાસે સુજ્જશિવે દીક્ષા લીધી. સુજ્જસિરિ ગર્ભવતી હતી; તેથી તેને દીક્ષા આપી નહીં. પછી તે ગર્ભના દુઃખથી વિચાર કરવા લાગી કે " આ ગર્ભને વિવિધ પ્રકારના ક્ષારાદિકના ઉપાયથી પાડી નાખું. " ઇત્યાદિ રૌદ્રધ્યાન કરતી સતી પ્રસવની વેદનાથી મરણ પામીને છઠ્ઠી નરકે ગઇ.

તેના ગર્ભથી નવા જન્મેલા પુત્રને કોઇ કૂતરાએ મુખમાં લઇને એક કુંભારના ચક્ર ઉપર મૂક્યો. કુંભારે તેને પુત્ર તરીકે રાખ્યો. **સુસઢ** તેનું નામ પાડ્યું. અનુક્રમે તે યુવાવસ્થા પામ્યો. એકદા તે સુસઢે મુનિના ઉપદેશથી બોધ પામી દીક્ષા ગ્રહણ કરી; પરંતુ જપતપાદિમાં તેમજ વ્રતનું આચરણ કરવામાં ને ક્રિયામાં શિથિલાચારી થયો. ગુરૂએ તેને ઘણો ઉપદેશ આપ્યો, તોપણ તેણે શિથિલપણું છોડ્યું નહીં. છેવટ તે કાળ કરીને પહેલા દેવલોકમાં સામાનિક દેવતા થયો. ત્યાંથી ચવીને તે ભરતક્ષેત્રમાં વાસુદેવ થશે, ત્યાંથી સાતમી નરકે જઇને હાથી થશે, ત્યાંથી અનન્ત કાયમાં ઉત્પન્ન થશે. ઇત્યાદિ બહુ કાળ સુધી ભમીને અન્તે તે સિદ્ધિ પામશે. " આ સુસઢની કથા નિશીથ સૂત્રમાં કહેલી છે, તે અહીં ટુંકામાં પ્રસંગે કહેવામાં આવી છે.

" ઉત્તમ જીવે આલોચના લેતી વખતે નિરંતર કુટિલપણાનો અવશ્ય ત્યાગ કરવો. આગમના અર્થને જાણનાર પુરૂષોએ આલોચના દેવી તેમજ લેવી, કેમકે આલોચનાની ઇચ્છા માત્ર પણ શુભ ફળદાયક છે."

અન્ય કાર્યમાં પણ ઉત્તમ જીવે દંભ રાખવો ઘટિત નથી, તો ધર્મકાર્યમાં તો વિશેષે ઘટિત નથી. ઉપર બતાવેલી કથામાં દંભને લગતું ચરિત્ર તો ગોવિંદ વિપ્રની સ્ત્રીના પરાભવને સંબંધે ભગવંતે કહેલું રૂપી સાધ્વીનું તેમજ લક્ષ્મણા સાધ્વીનું છે. તે બંને સાધ્વીએ આલોયણ લેવામાં અલ્પ માત્ર પણ દંભ રાખ્યો

૧ બળે-સળગે નહીં એવી જાતના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેના પરિણામે પુષ્કળ તપ કર્યા છતાં પણ તેની શુદ્ધિ થઇ નહીં. રૂપીને લાખ ભવ સુધી પરિભ્રમણ કરવું પડ્યું, અને લક્ષ્મણા તો ગઇ ઉત્સર્પિણીમાં થયેલા તે આવતી ઉત્સર્પિણીમાં નિસ્તાર પામશે. શીલસન્નાહ મુનિના સંબંધમાં પ્રથમ કહેલી હકીકત સ્વયંબુદ્ધ મુનિ થયાની અને પછી કહેલી હકીકત મોક્ષે ગયાની જુદી પડે છે; પરંતુ તે અનુક્રમે કેવળજ્ઞાન પામીને મોક્ષે જશે એમ ઘટમાન લાગે છે. તત્ત્વ કેવળીગમ્ય. આ કથામાં પ્રસંગે શલ્યવાળા અશ્વની, તાપસની અને સુસઢની ટુંકી ટુંકી કથા કહેલી છે, તે પણ ધ્યાન આપવા યોગ્ય છે. એકંદર રીતે નિષ્કપટ વૃત્તિએ ધર્મનું આરાધન કરવું, અને કદિ કાંઇ દોષ લાગી જાય તો તે પ્રચ્છન્ન ન રાખતાં ગુરૂ મહારાજ પાસે સ્પષ્ટ કહી બતાવી આલોયણ લઇ શુદ્ધ થવું, એ આ કથાનો ઉપદેશ છે.

ઇત્યલમ્.

# ગ્રંથાવલોકન.

## જૈન ગ્રંથાવળી.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેડ આફીસ મુંબઇ તરફથી હાલમાં "જૈન ગ્રંથાવળી" નામની દળદાર બુક બહાર પાડવામાં આવી છે. જુદા જુદા ૧૫ મોટા ભંડારોનાં લીસ્ટ મેળવીને તેની અંદર જોવામાં આવેલાં પુસ્તકોની તેમજ તે શિવાય બૃહટ્ટિપનિકા નામની સંસ્કૃત ભાષામાં રચેલી જુની નોંધનો આધાર લઇ તેની અંદર બતાવેલાં પુસ્તકોની અને રોયલ એશિયાટીક સોસાઇટીના તથા ડા. પીટર્સનના રીપોર્ટોનો આધાર લઇને તમામ પુસ્તકોની આ ટીપ બહુજ પ્રયાસથી અને પુષ્કળ ખર્ચથી તૈયાર કરવામાં આવી છે. આવી નોંધ પુરી પાડવાનું કામ હાથમાં લઇને જૈનકોન્ફરન્સે પુસ્તકોદ્ધારના કામને ઘણી મજબુત સહાય આપી છે, તેમજ જૈનશાસ્ત્રોનું અવગાહન કરવાની ઉત્સુકતાવાળા મુનિ મહારાજાઓ, જૈનબંધુઓ તેમજ અન્ય વિદ્વાનોને એક અમૂલ્ય બક્ષિશ કરી છે.

આ ગ્રંથાવળીની અંદર આપેલા સંસ્કૃત તથા પ્રાકૃત ગ્રંથોના[1] લીસ્ટમાં મુખ્ય નવ વિભાગ કરવામાં આવેલા છે, તેનો અનુક્રમ આ પ્રમાણે છે—

૧ પહેલું જૈનાગમ લીસ્ટ છે તેમાં તમામ સૂત્રોની પંચાંગી સાથે નોંધ કરી છે. તેના ત્રણ વિભાગ કર્યા છે: ૪૫ આગમો, અવશિષ્ટ આગમો ને અવશિષ્ટ પયન્નાઓ. આ આગમોમાં પંચાંગી પૈકી લભ્ય અલભ્ય તમામ હકીકત બતાવવામાં આવેલી છે.

1 ગુજરાતી ભાષામાં ગદ્ય કે પદ્યમાં રચેલા ગ્રંથોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ બીજું જૈન ન્યાયના ગ્રંથોનું લીસ્ટ છે, તેના પાંચ વિભાગ પાડ્યા છે. ૧ મોટા ન્યાયના ગ્રંથો, ૨ નાના ગ્રંથો, ૩ વાદસ્થળો, ૪ દિગંબરકૃત ન્યાયગ્રંથો અને ૫ પરમતના ન્યાયગ્રંથો ઉપર જૈનાચાર્યોએ કરેલા વ્યાખ્યા ગ્રંથો.

૩ ત્રીજું જૈન ફિલોસોફિના ગ્રંથોનું લીસ્ટ છે, તેના મુખ્ય ત્રણ વિભાગ પાડેલા છે. ૧ હરિભદ્રસૂરિ કૃત ગ્રંથો, ૨ યશોવિજયવાચકકૃત ગ્રંથો અને ૩ અધ્યાત્મના ગ્રંથો. આની અંદર ન્યાયના ગ્રંથોના લીસ્ટમાં આવેલા કેટલાક ગ્રંથો ફરીને નોંધાયેલા છે.

૪ ચોથું લીસ્ટ પણ જૈનફિલોસોફિના ગ્રંથોનુંજ છે, તેના આઠ વર્ગ પાડવામાં આવ્યા છે. ૧ પ્રક્રિયાગ્રંથો ( કર્મગ્રંથ, ક્ષેત્રસમાસ વિગેરે ), ૨ મોટા ગ્રંથો ( પ્રવચન સારોદ્ધાર વિગેરે ), ૩ સંગ્રહગ્રંથો, ૪ નાના પ્રકરણો, ૫ બીજી રીતના નાના પ્રકરણો, ૬ સ્થાનપદોપલક્ષિત ગ્રંથો, ૭ સંખ્યાપદોપલક્ષિત ગ્રંથો ( વીશી, પચવીશી, બત્રીશી વિગેરે ), ૮ પ્રક્રિયાને લગતા સ્તવનસ્તોત્ર.

૫ પાંચમું લીસ્ટ પણ જૈન ફિલોસોફિના ગ્રંથોનું છે, તેમાં ક્રિયાવિધિના ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. ૧ પ્રકરણગ્રંથો, ૨ વિધિગ્રંથો, ૩ સામાચારીના ગ્રંથો અને ૪ ખંડનમંડનના ગ્રંથો.

૬ છઠ્ઠું લીસ્ટ જૈન ઔપદેશિક ગ્રંથોનું છે. તેની અંદર ઘણા ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના મુખ્ય છ વર્ગ પાડવામાં આવ્યા છે. ૧ પ્રકરણ ગ્રંથો ( આમાં ૧૬૬ ગ્રંથો આપેલ છે), ૨ કુલકો ( આમાં ૪૦ કુલકો આપેલા છે ), ૩ શતકો ( આમાં ૩૪ શતકો બતાવ્યા છે ), ૪ ઐતિહાસિક ચરિત્રો પ્રબંધો વગેરે ( આમાં ૬૧ ગ્રંથો આપેલા છે ), ૫ ચરિત્રો ( તેના બે કલાસ પાડેલા છે, પહેલા કલાસમાં તીર્થંકર શિવાય મહાપુરૂષ વગેરેનાં ચરિત્રો ને બીજા કલાસમાં તીર્થંકરોનાં ચરિત્રો નોંધ્યાં છે ), ૬ કથાના ગ્રંથો ( તેના ત્રણ કલાસ પાડેલા છે, સામાન્ય કથાઓ, તિથિ પર્વાદિની કથાઓ ને સંગ્રહ કથાઓ ), આની અંદર ચરિત્રો ને કથાઓ સંખ્યાબંધ નોંધવામાં આવેલ છે.

૭ સાતમું લીસ્ટ મહાત્મ્યના ગ્રંથોનું છે, તેના બે વર્ગ પાડેલા છે. પહેલા વર્ગમાં શત્રુંજય મહાત્મ્યાદિ ગ્રંથો નોંધ્યા છે, ને બીજા વર્ગમાં સંખ્યાબંધ સ્તુતિ સ્તોત્રો નોંધવામાં આવ્યા છે.

૮ આઠમું લીસ્ટ જૈનભાષા સાહિત્યને લગતા ગ્રંથોનું છે. તેના નવ વર્ગ પાડેલા છે, ૧ વ્યાકરણના ગ્રંથો (તેના ત્રણ કલાસ પાડેલા છે, જૈનાચાર્યકૃતવ્યાકરણો, પરમતના વ્યાકરણ ગ્રંથો ઉપર જૈનાચાર્યોએ કરેલા વ્યાખ્યા ગ્રંથો, ને વ્યાકરણના પદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચુરણ ગ્રંથો ),૨ શબ્દકોષના ગ્રંથો, ૩ અલંકારના ગ્રંથો, ૪ છંદઃશાસ્ત્રના ગ્રંથો, ૫ કાવ્યના ગ્રંથો ( આના બે કલાસ કહેલા છે, ૧ જૈનાચાર્યકૃત કાવ્યગ્રંથો ને ૨ અન્યમતિએ કરેલા કાવ્યગ્રંથો ઉપર જૈનાચાર્યોએ રચેલા વ્યાખ્યાવાળા ગ્રંથો ), ૬ નાટકના ગ્રંથો ૭ નીતિના ગ્રંથો, ૮ સુભાષિતના ગ્રંથો અને ૯ પદ્ધતિદર્શક ગ્રંથો.

૯ નવમું લીસ્ટ જૈનવિજ્ઞાન સંબંધી ગ્રંથોનું છે. આના ૭ વર્ગ પાડેલા છે. ૧ જ્યોતિષના ગ્રંથો ( આના પેટા કલાસ ત્રણ છે. ) ૨ નિમિત્તના ગ્રંથો, ૩ વૈદ્યકના ગ્રંથો, ૪ કળાવિજ્ઞાનના ગ્રંથો, ૫ કલ્પના ગ્રંથો, ૬ મંત્રના ગ્રંથો.

આ પ્રમાણેના નવ લીસ્ટોની અંદર દરેક ગ્રંથના નામની સાથે તેની લોકસંખ્યા, કર્ત્તાનું નામ, રચ્યાનો સંવત અને તે ગ્રંથ કયાં છે તે બતાવવામાં આવ્યું છે. નીચે નોટની અંદર તે સંબંધી અનેક પ્રકારના ખુલાસા આપવામાં આવ્યા છે. દરેક ગ્રંથના પેટામાંજ જો તે ગ્રંથ ઉપર વૃત્તિ વિગેરે થયેલ હોય તો તે બતાવેલ છે, તેમજ એક નામના જુદા જુદા આચાર્યોના કરેલા ગ્રંથો કે ચરિત્રો હોય તો તે પણ એકજ પેટામાં બતાવવામાં આવેલ છે. કર્ત્તાના નામ સંબંધી ખુલાસો નીચે નોટમાં આપેલો છે. એક નામના વધારે આચાર્યો થયેલા હોય તો તે દરેકના ગુરૂનું નામ તથા સંવત વિગેરે વિસ્તારથી બતાવવામાં આવેલ છે. આ શિવાય બીજી પણ ઘણી હકીકત નીચે નોટમાં તેમજ કેટલાક લીસ્ટની પ્રાંતે લખેલા ઉપસંહારમાં બતાવેલી છે.

આ તમામ ગ્રંથોનું લીસ્ટ અક્ષરાનુક્રમે આપવામાં આવેલ છે. નવે લીસ્ટ પુરા થયા બાદ તે બધા લીસ્ટમાં આવેલ તમામ ગ્રંથોનું એકંદર અક્ષરાનુક્રમે લીસ્ટ આપવામાં આવ્યું છે; તે સાથે તે નામ કયા પૃષ્ઠમાં આવેલ છે તેનો અંક આપેલો છે, ત્યાર પછી ગ્રંથકર્ત્તાઓના નામની અક્ષરવાર અનુક્રમણિકા આપવામાં આવી છે, તેમાં પણ તે નામ કયા કયા પૃષ્ઠપર આવેલ છે તે બતાવેલ છે. છેવટે ગ્રંથોની રચ્યાની સાલની ગ્રંથના નામ સાથે અનુક્રમણિકા આપવામાં આવી છે.

પ્રારંભમાં પ્રસ્તાવના પણ ઘણા ખુલાસાવાળી લખવામાં આવી છે. અન્યમતિ વિદ્વાનોને આ ગ્રંથાવળી બહુજ ઉપયોગી થઈ પડે તેમ છે.

એકંદર રીતે આ ગ્રંથાવળી સાદ્યંત તપાસી જોતાં તે તૈયાર કરવામાં આવેલો પ્રયાસ અત્યંત સ્તુતિપાત્ર છે. આ કાર્ય પરત્વે કરવામાં આવેલો ખર્ચ પણ ખરેખરો લેખે લાગેલો છે. છપાવવાનું કામ પણ બહુ સારૂં અને શુદ્ધ કરાવવામાં આવ્યું છે. બુકનું બાંઇડીંગ પણ સુંદર કરાવ્યું છે.

બધી હકીકત જોતાં આ ગ્રંથાવળીની કિંમત રૂ. ૩ રાખેલી છે, તે તેના પ્રયાસની ગણના કરતાં વધારે નથી. લગભગ રોયલ આઠપેજી ૫૦૦ પૃષ્ઠની આ બુક એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટલી બધી ઉપયોગી છે કે તે દરેક જૈનબંધુએ, દરેક મુનિરાજે અને દરેક પુસ્તકભંડારના વ્યવસ્થાપકે રાખવા લાયક છે. અમે ફરીને પણ આ કાર્યની અંદર પ્રયાસ લેનાર જૈન કોન્ફરન્સના આસીસ્ટંટ સેક્રેટરીઓને અને તે કાર્યને છેવટ સુધી પાર પાડનાર ભાઇ તુકારામને અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ.

# હિતોપદેશ.

[ અનુસંધાન પૃષ્ઠ ૪૪ થી ]

[ અનુસંધાન પૃષ્ઠ ૪૪ થી ]

૩૯. લોકોની પ્રીતિ સંપાદન કરવી એ જેમ બહુ અગત્યની વાત છે, તેમ તે વાત પણ એટલીજ અગત્યની છે કે પ્રજાઉપયોગનાં કાર્યો કરવાથી અને પોતાના સ્વાર્થનો ત્યાગ કરવાથી લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકાય છે.

૪૦. મહાન્ કેટો કહેતો કે પ્રજાએ મારે માટે "કીર્તિસ્તંભ શામાટે ઉભા કર્યા છે ?" એવો પ્રશ્ન કરે તેના કરતાં "કીર્તિસ્તંભ શામાટે ઉભા નથી કર્યા" ? એમ પૂછે તેથી હું વધારે પ્રસન્ન છું. કીર્તિદાનમાં સ્વોત્કર્ષ માનનારે આ ઉપરથી ધડો લેવા યોગ્ય છે કે કીર્તિ માટે કરેલ દાનાદિ સ્વલ્પ ફલદાયી છે.

૪૧. આપણી ઉપજ આપણા જોડા જેવી છે. જો તે જોઇએ તે કરતાં ટુંકા હોય તો ડંખે, અને વધારે મોટા હોય તો નીકળી જાય અને ઠોકરો વાગે.

૪૨. રીવાજ નામની મૂર્ખ લોકોની રાણીએ ઉત્પન્ન કરેલી અસંખ્ય નાની નાની મૂર્ખાઇઓ ક્ષણિક જીવિતને એકંદરે જે સુખ મળી શકે તેમાંથી ઉણું કરવાને ઓછી નથી, કારણ જે નાની નાની મૂર્ખાઇઓ ટુંકા ટુંકા કરજની જેમ એટલી બધી જગ્યાએ આડી આવે છે કે તેમનામાં જે ભાર નથી હોતો તે તેમની મોટી સંખ્યાઓથી પુરો થઇ જાય છે. એક ભારે તોપના ગોળાના માર કરતાં અગણિત છરાનો વરસાદ વધારે દુઃખદાયક થાય છે.

૪૩. સત્સંગથી બુદ્ધિની જડતા જાય છે, વાણીમાં સત્ય આવે છે, પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય છે, પાપાચરણથી દૂર થવાય છે, ચારે દિશામાં કીર્તિ પ્રસરે છે અને લક્ષ્મીની વૃદ્ધિ થાય છે.

૪૪. તમે કોની સાથે રહો છો એ મને કહો તો હું કહું કે તમે કેવા ( કેવી વર્તણુકવાળા ) છો ? Tell me what your companies are, I will tell who you are.

૪૫. લુચ્ચા અને નાદાન લોકોની મિત્રાચારી કરતાં તેમની દુશ્મનાઇ ઓછી નુકશાનકારક છે, અર્થાત્ તેમનો સંગ કરવો યુક્ત નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૬. "આળસ દુર્ગુણોની જનેતા છે" એવી આખા જગતની કહેણી છે, તોપણ સુસ્તપણું મૂર્ખ લોકોનો વારસો છે, એ તો નક્કીજ છે.

૪૭. આળસ રોગને લાવે છે, ઉદ્યોગીને લક્ષ્મી વરે છે. "દૈવ દૈવ" એવું તો આળસુ અને નિરૂદ્યોગી લોકોજ બોલ્યા કરે છે. દૈવને દૂર રાખીને સત્કર્મમાં પ્રવૃત્તિ કરો, અને તેમ છતાં ફળ ન મળે તો કર્મનો દોષ માની તમારા મનનું સમાધાન કરજો. ઉદ્યોગ અને પ્રારબ્ધ બન્નેની આવશ્યકતા છે, છતાં પણ માણસોએ પ્રથમ ઉદ્યોગમાં પ્રવૃત્ત થવું.

૪૮. નિયમિત રીતે કામ કરનારા માણસોજ જગત્‌માં જય પામ્યા છે. કામ કરી લીધા પછી વિશ્રાંતિ જેવી વહાલી લાગે છે તેવી આળસુપણે પડી રહેવામાં લાગતી નથી.

૪૯. ઉદ્યોગી માણસને માન આપો ! નેપોલીયન બોનાપાર્ટ કોઈ લેડી સાથે ફરતો હતો, તેવામાં એક મજુર પોતાને માથે ભાર સહિત આવતો જોઇ લેડીએ તે મજુરને દૂર ખસી જવા ફરમાવ્યું, ત્યારે નેપોલીયન બોલ્યો કે "લેડી ! આપણેજ આઘા ખસોને; ભલે એ મજુર છે તોપણ એને માથે જે બોજો (ઉદ્યમ) છે તેને આપણે માન આપવું જોઇએ."

૫૦. જે માણસમાં કુટુંબપ્રેમ નથી તેનામાં પ્રેમનો અભાવજ હોય છે, અને પ્રેમનો અભાવ હોય ત્યાં માણસાઇ મિથ્યા થાય છે. બીજું મનુષ્ય તેમને બીલકુલ ચાહતાં નથી.

૫૧ વૃદ્ધાવસ્થામાં માણસનો સ્વભાવ બદલાઇ જાય છે, તથાપિ વૃદ્ધ માબાપના એ સ્વભાવને સારાં સંતાનો (પુત્ર-પુત્રી)એ સહન કરવો જોઇએ, અને તેવા વખતમાં પણ માબાપો તરફ પ્યાર ને માનની દ્રષ્ટિથી વર્તવું જોઇએ.

## સાતમી કોન્ફરન્સની તૈયારી—થયેલું કામકાજ.

(જૈનધર્મ પ્રકાશ માટે ખાસ.)

તા. ૮મી એપ્રિલે રીસેપ્શન કમીટીમાં કોન્ફરન્સના પ્રમુખ ચુંટવાને થયેલ ઠરાવ મુજબ મુંબઈના જાણીતા શ્રીમાન્ કચ્છી ગૃહસ્થ રા. સા. વસનજી ત્રીકમજી જે. પી. ને કોન્ફરન્સનું પ્રમુખપદ સ્વીકારવાને અરજ કરવામાં આવી હતી. પણ તેઓ સાહેબે ના પાડવાથી બીજા ગૃહસ્થોને માટે તજવીજ ચાલુ રાખવામાં આવી હતી.

તા. ૧૨-૪-૧૯૦૯ને રોજ રીસેપ્શન કમીટીની મીટીંગ મળી હતી, તેમાં નીચે મુજબ કામ કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) કોન્ફરન્સનું ખર્ચ ચલાવી લેવાને શ્રી સંઘમાંથી ૧૩ ગૃહસ્થોએ માથે લીધું હતું, તેઓએ ખર્ચ ચલાવવો અને રાજીખુશીથી કોઇ ફંડમાં નાણું આપે તો લેવું.

નીચે પ્રમાણે ફંડમાં નાણું ભરવામાં આવ્યાં હતાં—

| | |
|---|---|
| શ્રી પુનાના સંઘ તરફથી | રૂા. ૧૦૧ |
| શેઠ શિવદાનજી પ્રેમાજી ગોટીવાળા (રીસેપ્શન કમીટીના ચેરમેન) | ,, ૨૧૦૧ |
| ,, મોતીચંદ ભગવાનદાસ (વા. ચેરમેન અને જનરલ સુપરવાઇઝર) | ,, ૧૫૦૧ |
| ,, ગગલભાઇ હાથીભાઈ (ચેરમન). | ,, ૧૨૦૧ |
| ,, છગનલાલ ગણપતદાસ (ચીફ સેક્રેટરી). | ,, ૧૧૦૧ |
| ,, ભીખુભાઇ મુળચંદ (ચીફ સેક્રેટરી). | ,, ૧૧૦૧ |
| ,, કીસનદાસ પ્રેમચંદ (વા. ચેરમેન). | ,, ૮૫૧ |
| ,, મલુકચંદ દોલતરામ (મંડપ કમીટીના વા. ચેરમેન). | ,, ૭૦૧ |
| ,, મોતીજી જસાજી (ઉતારા કમીટીના વા. ચેરમેન). | ,, ૭૦૧ |
| ,, વીરચંદ કૃષ્ણાજી (વા. ચેરમેન). | ,, ૭૦૧ |
| ,, માનચંદ નગાજી (વા. ચેરમેન). | ,, ૫૦૧ |
| ,, પનાચંદ દલછારામ ( ભોજન કમીટીના વા. ચેરમેન). | ,, ૩૦૧ |
| શા. મણિલાલ ચુનીલાલ. | ,, ૨૦૧ |
| ,, મુળચંદ તેજમલ. | ,, ૧૫૧ |
| ,, ભોગીલાલ નગીનદાસ. | ,, ૧૦૧ |
| ,, મોતીલાલ રૂપચંદ. | ,, ૭૫ |
| ,, હુકમચંદ રાયચંદ. | ,, ૫૧ |

ત્યારબાદ મહિલા પરિષદ્ ભરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.

રીસેપ્શન કમીટીમાં મેમ્બરો તરીકે કેટલાંક નામો ઉમેરવામાં આવ્યાં હતાં.

વોલન્ટીયરના બીજા સેક્રેટરી તરીકે મી. મણિલાલ મનસુખરામનું નામ ઉમેરવામાં આવ્યું હતું.

આ પ્રમાણે કાર્ય કરી રીસેપ્શન કમીટીની મીટીંગ વિસર્જન થઇ હતી.

તા. ૨૫–૪–૦૯ના દિવસે રીસેપ્શન કમીટી મળી હતી, એ કમીટીમાં નીચે પ્રમાણે કામો થયાં હતાં.

પ્રથમ નીચે પ્રમાણે બજેટ મંજુર કરવામાં આવ્યું હતું.

| | |
|---|---|
| રૂા. ૬૦૦૦) ભોજન કમીટી. | રૂા. ૫૦૦) વોલન્ટીયર. |
| ,, ૫૦૦) ગાડીભાડા માટે. | ,, ૨૫૦૦) મંડપ માટે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



,, ૧૫૦૦) ડેલીગેટોના ઉતારા માટે. ,, ૧૦૦૦) કોરસ્પોન્ડન્સ માટે.

કુલ રૂ. ૧૨૦૦૦)

મંડપનો કંટ્રાકટ આપવામાં આવ્યો હતો.

રીસેપ્શન કમીટીમાં મેમ્બર તરીકે દાખલ કરવાનાં બહાર ગામોનાં આવેલાં નામો વાંચવામાં આવ્યાં હતાં, અને તે દાખલ કર્યાં હતાં.

તા. ૨૮-૪-૦૯ના દિવસે રીસેપ્શન કમીટી મળી હતી. પ્રેસીડેન્ટનું નક્કી કરવા માટે ૧૫ ગૃહસ્થોની કમીટી નીમાઈ હતી. શેઠ નથમલજી ગુલેછાને પ્રમુખપદ માટે કરવામાં આવેલા તારો તથા તેના જવાબો વાંચવામાં આવ્યા હતા, અને તે ઉપરથી ઠરાવ થયો હતો કે તેઓને વધારે અરજ કરીને સ્વીકાર કરાવવો, અને જરૂર પડે તો ત્યાં ડેપ્યુટેશન લઇ જવું.

ત્યાર બાદ બીજો એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે ફંડમાં રૂપીઆ ભરનારને નીચે પ્રમાણે ટીકીટો આપવામાં આવશે.

રૂ. ૫૧) થી નીચે ભરનારને રૂ. ૫)ની રીસેપ્શન કમીટીની ટીકેટ ૧.
,, ૧૦૧) થી નીચે ભરનારને રૂ. ૨૫) ની ,, ટીકીટ ૧.
,, ૧૦૨) થી રૂ. ૨૦૧) સુધી ભરનારને રૂ. ૨૫) ની ટીકીટ ૨.
,, ૨૦૨) થી રૂ. ૫૦૧) સુધી ભરનારને રૂ. ૨૫) ની ટીકેટ ૩.
,, ૫૦૨) થી રૂ. ૧૦૦૧) સુધી ભરનારને રૂ. ૨૫) ની ટીકેટ ૪.
,, ૧૦૦૨) થી રૂ. ૧૫૦૧) સુધી ભરનારને રૂ. ૨૫) ની ટીકેટ ૫.
,, ૧૫૦૨) થી ઉપરના ભરનારને રૂ. ૨૫) ની ટીકેટ ૬.

ડો. નારાયણરાવ આર. સાતપુતે અને ડો. નારાયણ મહાદેવ પ્રાંજપેએ ઓનરરી ડોકટર તરીકે નોકરી બજાવવા ખુશી બતાવી હતી.

કોન્ફરન્સમાં રજુ કરવાના વિષયોનો ખરડો મીટીંગ સમક્ષ વાંચવામાં આવ્યો હતો, અને તે પાસ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મીટીંગ વિસર્જન થઇ હતી.

ત્યાર પછી રીસેપ્શન કમીટીની મીટીંગ તા. ૧૦-૫-૦૯ના દિવસે મળી હતી. આ મીટીંગમાં આશરે ૭૫ ગૃહસ્થોએ હાજરી આપી હતી, ઉપરાંત મુંબઇવાળા મી. અમરચંદ પી. પરમાર. તથા મી. મોહનલાલ પુંજાભાઈ પણ આવ્યા હતા. સર્વાનુમતે ભોજન કમીટીનું બજેટ વધારી ૭૧૨૫ નું ક હતું, તેમજ મંડપકમીટીનું બજેટ વધારી રૂ ૩૫૦૦) નું પાસ કરવામાં આવ્યું હતું.

મુનિ મહારાજશ્રી અમરવિજયજીના સામૈયા માટે શેઠ મોતીચંદ ભગવાનદાસના પ્રમુખપણા નીચે શેઠ હુકમાજી હીરાજી તથા શા. મોહનલાલ સોભાગચંદની કમીટી નીમવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેસીડેન્ટ શેઠ નથમલજી ગુલેછાનો સત્કાર કરવા માટે દશ ગૃહસ્થોની કમીટી નીમવામાં આવી હતી, અને પ્રેસીડેન્ટ સાહેબના આવાગમન વખતનું પ્રોગ્રામ વાંચવામાં આવ્યું હતું.

ત્યારબાદ જુદી જુદી કમીટીએ કરેલાં કામો રજુ કરવામાં આવ્યાં હતાં. બાદ સભા વિસર્જન થઇ હતી.

રેલ્વે કન્સેશન માટે દરેક રેલ્વે તરફ અરજીઓ કરવામાં આવી હતી, પણ ફક્ત બી. જી. જે. પી. તથા મોરબી લાઇન માટે રેલ્વે કન્સેશન મળી શકેલ છે. વખત ટુંકો હોવાથી બીજી લાઇન માટે ગોઠવણ થઇ શકી નથી.

મુનિ મહારાજ શ્રી અમરવિજયજી પુનામાં પધાર્યા છે. મહિલા પરિષદ્‌ને વાસ્તે તૈયારી ચાલી રહી છે, તેમાં ચેરમેન તરીકે સૌ. પારવતી બાઇ નાનચંદ ભગવાનદાસ તથા વા. ચેરમેન તરીકે સૌ. મોતીબાઇ ભીખુભાઇ સુળચંદ, સૌ. સરસ્વતી બાઈ શીવદાનજી પ્રેમાજી, સૌ. રંગુબાઇ છગનલાલ લવજી તથા સૌ. કેસરબાઇ ગગલભાઇ હાથીભાઇ તથા સેક્રેટરી તરીકે સૌ. તારાબાઈ છગનલાલ ગણપતદાસની નીમણુકો થઇ છે, તે સાથે કેટલાએક મેમ્બરો તથા વોલન્ટીયરો નીમવામાં આવ્યા છે બહાર ગામ પણ કેટલાંક ખાસ આમંત્રણ મોકલવામાં આવ્યાં છે.

અમદાવાદ, મુંબઇ વગેરે સ્થળેથી અનેક ગૃહસ્થો પધારવાના છે, એવા ખબર આવી પહોંચ્યા છે. તમામ કમીટી પોતપોતાના કાર્યમાં ઉદ્યમવાન થઇ રહી છે વક્તાઓને આમંત્રણ કરવામાં આવ્યાં છે. દરેક જૈન બંધુ બહાર ગામથી પધારનારા સ્વામી ભાઇઓનો સત્કાર કરવા તત્પર થઇ રહેલ છે.

પ્રમુખ સાહેબ વહેલા પધારવાના છે. બહાર ગામથી ડેલીગેટોનાં ફારમો આવવા લાગ્યાં છે. વોલન્ટીયરો પણ બહાર ગામથી આવવાના છે. કન્સેશન પાસ બી. જી. જે. પી. ને મોરબી રેલ્વે માટેના રવાના કરવામાં આવ્યા છે.

ટુંકા વખતમાં કામ લીધાં છતાં પુનાના ગૃહસ્થોએ એક સંપથી સારી તૈયારી કરી છે, એ સંબંધમાં તેઓ ખરેખરા ધન્યવાદને પાત્ર છે. હવે દરેક શહેરના અને ગામોના શ્રી સંઘે અને સભાઓ વિગેરે મંડળોએ ડેલીગેટોની ચુંટણી કરી ફારમો તાકીદે મોકલાવી દેવાની આવશ્યકતા છે કે જેથી ભોજનકમીટી તથા ઉતારા કમીટીને ટુંકા વખતને લઇને અગવડ પડે નહિ.

આશા છે કે સાતમી કોન્ફરન્સ સંપૂર્ણ રીતે ફતેહમંદ થશે. તથાસ્તુ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઝવેરી ચંદુલાલ છોટાલાલનું ખેદકારક મૃત્યુ.

અમદાવાદના સુપ્રસિદ્ધ ઝવેરી છોટાભાઇ લલુભાઇ કે જેઓ પુરા ધર્મચુસ્ત, બાર વ્રતધારી તેમજ ધર્મ સંબંધી સારા બોધવાળા છે અને વયોવૃદ્ધ થયેલા છે તેમના ચંદુલાલ નામના સુપુત્ર ૪૫ વર્ષની વયે બે પુત્રી ને એક પુત્રને મુકી માત્ર ૧૫ દિવસની માંદગી ભોગવીને વૈશાક શુદિ ૧૫ના મધ્યાન્હ સમયે પંચત્વ પામ્યા છે. એઓ બાળવયથી વિદ્યાભ્યાસના શોખીન હતા. મેટ્રીક સુધીનો અભ્યાસ કરી વ્યવહારમાં જોડાયા હતા. ઝવેરાતના વેપારમાં પણ સારા પ્રવીણ હતા. ધર્મકાર્યમાં વિશેષ પ્રીતિવાળા હતા. તેમના પિતાશ્રીએ શ્રી સિદ્ધાચળજીનો છરી પાળતો સંઘ કાઢયો, ત્યારે તારીફલાયક કામ બજાવ્યું હતું. ધર્મ ઉપર પૂર્ણ આસ્થાવાળા હોવાથી અંત અવસ્થાએ પણ ધર્મની જોગવાઇ બહુ સારી મળી હતી. ગુરૂ મહારાજના દર્શન ને ઉત્તમ બોધ મળી શકયો હતો. સંસારની અનિત્યતાને પૂર્ણ રીતે સમજનાર પિતાએ પણ ધર્મ સન્મુખ વૃત્તિ રખાવવા બનતો પ્રયત્ન કર્યો હતો. છેલ્લી ઘડી સુધી સારી સાવ્ય રહી શકી હતી, એવા એક સુપુત્રના પોતાની વૃદ્ધાવસ્થામાં થયેલા અભાવથી શ્રીયુત છોટાભાઇને ઘણો કારી જખમ થયો છે; પરંતુ તે જખમનું ઔષધ ધાર્મિક પ્રવૃત્તિમાં વિશેષ જોડાઇ આ હકીકતનું વિસ્મરણ કરવું તેજ છે. એઓ અમારી સભાના લાઇફ મેમ્બર હતા, જેથી સભાને પણ એક લાયક મેમ્બરની ખોટ પડી છે; પરંતુ ભાવી પ્રબળ હોવાથી તેમાં મનુષ્યનો બીલકુલ ઉપાય નથી. અમે એમના પિતાશ્રી વિગેરેને અંતઃકરણથી દિલાસો આપીએ છીએ, અને એમના આત્માને શાંતિ મળે એમ ઇચ્છી, પાછળનાઓને સંસારનું સ્વરૂપ વિચારવાનું સૂચવી, આ ટુંક નોંધ સમાપ્ત કરીએ છીએ.

---

## શા. મંગળદાસ દોલતરામનું ખેદકારક મૃત્યુ.

અમદાવાદનિવાસી શા. મંગળદાસ દોલતરામ જેઓ અમારી સભાના લાઇફ મેમ્બર હતા, અને ધર્મ ઉપર પ્રીતિવાળા હોવાથી યથાશક્તિ ધર્માચરણમાં તત્પર હતા. તેઓ માત્ર ૩૪ વર્ષની લઘુ વયે દુષ્ટ મરકીના ભોગ થઇ પડ્યા છે. ગયા વૈશાક વદ ૧ મે મુંબઇમાં એ દુષ્ટ વ્યાધિ એમને લાગુ પડતાં ત્યાંથી અમદાવાદ લાવવામાં આવ્યા, અને અનેક પ્રકારના ઉપચારો કરવામાં આવ્યા; પરંતુ આયુકર્મની સ્થિતિ પૂર્ણ થયેલી હોવાથી વૈશાક વદ ૪ ને રવિવારે બપોરના ત્રણ કલાકે આ વિનશ્વર દેહને છોડી ગયા છે. એમની પાછળ સંતતિમાં માત્ર ૧૦ વર્ષનો એક પુત્રજ છે. એમના મૃત્યુથી એમના શ્વસુરપક્ષમાં, માતુલપક્ષમાં તેમજ પિતૃપક્ષમાં સંપૂર્ણ ખામી આવી પડી છે. સભાએ પણ એક લાયક મેમ્બર ખોયો છે, પરંતુ કાળ વિષમ છે. મરકીએ ઘણાં આશા ભરેલાં મનુષ્યોનો લઘુ વયમાંજ વિનાશ કર્યો છે. ભાઇ મંગળદાસ પણ તેના સપાટામાં લેવાઇ ગયા છે. ભાવી પ્રબળ છે, અમે તેમના કુટુંબીઓને દિલાસો આપીએ છીએ, અને ધાર્મિક પ્રવૃત્તિમાં વિશેષ જોડાઇ આ દુઃખદાયક બનાવને ભૂલી જવા સૂચવીએ છીએ.

For Private And Personal Use Only